ઈશુ ખ્રિસ્ત


✝

[illegible]

અવતારલીલા–લેખમાળા

લેખ ૫

ઈશુ ખ્રિસ્ત



30'
34°
35'
ગાલિલી
સમરિયા
પિરીયા
યહુદિયા

અવતારલીલા-લેખમાળા

લેખ ૫

ઈશુ ખ્રિસ્ત

લેખક

કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા

રાષ્ટ્રીય વિદ્યામન્દિર-સત્યાગ્રહાશ્રમ

સાબરમતી

નવજીવન પ્રકાશન મન્દિર-અમદાવાદ

૦-૬-૦

આ માળાનાં બીજાં પુસ્તકો:

રામ અને કૃષ્ણ

મૂલ્ય ૦-૧૨-૦ પોસ્ટેજ ૦-૨-૦

બુદ્ધ અને મહાવીર

મૂલ્ય ૦-૮-૦ પોસ્ટેજ ૦-૨-૦

મુદ્રક અને પ્રકાશક:
રામદાસ મોહનદાસ ગાંધી
નવજીવન મુદ્રણાલય
અમદાવાદ

*

હકીકત

આ લેખોને હું નિસ્સંકોચપણે છાપવાની પરવાનગી નથી આપી શકતો. છાપવાની કળાથી પાંડિત્ય અને ભૌતિક વિજ્ઞાન વધ્યાં છે એ હું ના પાડી શકું નહિ. પણ સદ્‌વિદ્યા વધી જ છે એમ મારી ખાત્રી નથી થઈ; નથી જ વધી એમ પણ મારો અનુભવ હોત, તો પુસ્તક ન જ છાપવું એ નિર્ણય ઉપર હું આવત.

પુસ્તક લખવા અને છપાવવાની પ્રવૃત્તિ કરનારમાં કાંઈક જ્ઞાનની કચાશ અથવા તેનો મદ કે અહંકાર હોય જ. અને મદ કે અહંકારમાં લખાયલાંમાં પૂર્ણપણે સત્ય ન હોવાનો, અથવા સત્યની એક જ બાજુને અતિભાર આપવાપણાનો

દોષ રહ્યો જ છે. પૂર્ણ સત્ય લખી શકાતું જ નથી, એટલે તેટલા દોષમાંથી ટળી શકાય એમ નથી. પણ સત્યની એક જ બાજુને અતિભાર આપવાથી કોઈકની હિંસા થવાની પણ ભીતિ રહે છે. અને એ ભીતિ પણ પુસ્તકને છપાવવામાં સંકોચ આણે છે.

તેથી આ પુસ્તકમાં જે જે કાંઈ નવા વિચારો છે તેને માંડવામાં મેં મારી શક્તિ અને દૃષ્ટિ પ્રમાણે અત્યન્ત કાળજી તો લીધી જ છે, છતાં આ લેખોથી કોઇની શુભ શ્રદ્ધાઓનું એવી રીતે ખંડન ન થાઓ, કે જેથી એક નજીવી શુભ વસ્તુમાં પણ એને નાસ્તિક ભાવ ઉત્પન્ન થાય. કોઇનો અધોગતિ કરનારો બુદ્ધિભેદ ન થાઓ. જે માર્ગ પોતાનું અત્યન્ત કલ્યાણ મનાયું હોય તે માર્ગને બુદ્ધિપૂર્વક વિશેષ સારો માર્ગ દેખાયા વિના છોડવાની પ્રવૃત્તિ ન થાઓ. એવું એક પણ વાક્ય આ દોષો ઉત્પન્ન કરે એવું છે એમ જેને લાગે તે જો કૃપા કરી મને જણાવશે, તો હું એનો વિચાર કર્યા વિના નહિ રહું.

આટલો દોષ થયા વિના કોઇની અંધશ્રદ્ધાને ધક્કો પહોંચે, અને એના દૃષ્ટિબિન્દુને નવું વળણ મળે એ ઇષ્ટાપત્તિ જ છે. આપત્તિ એટલા માટે

કહું છું કે એક ભાવનામાંથી બીજી ઉચ્ચતર ભાવનામાં પહોંચવાનો માર્ગ અત્યન્ત કષ્ટ ભોગવાવનારો છે. બુદ્ધિને એક નવી વસ્તુ સત્ય તરીકે સમજાય, અને તેમાં મન, વાણી અને શરીરથી નિષ્ઠા થાય એ બેની વચ્ચે લાંબો કાળ જાય છે. અને એ કાળ પૂર્વ માનસિક સંસ્કારો અને નવીન સંસ્કારો વચ્ચેના ઝગડા લડવામાં વીતે છે. એ લડાઇનું દુઃખ રણસંગ્રામના દુઃખ કરતાંયે વિશેષ તીવ્ર હોય છે. પણ એ દુઃખ ભોગવ્યા વિના છુટકો જ થતો નથી. પ્રસૂતિની પીડા જાણ્યા વિના બાળકનું મુખ માતા જોઇ શકતી જ નથી; જેટલું પૂર્વારોગ્ય સારૂં એટલી એ પીડા ઓછી એટલું જ. તેમ કોઇનો ઝગડો દીર્ઘકાળ ચાલે, કોઇને ટુંકો સમય પણ ઝગડો લીધે જ છુટકો. ઉન્નતિની તીવ્ર ઇચ્છા રાખનાર પુરુષને એ યુદ્ધ માટે આવશ્યક ધૈર્ય મળી રહે છે એ જ મનુષ્યને મળેલી શુભ સામગ્રી છે. એ વેદના કરાવવામાં હું નિમિત્તભૂત થાઉં તેનુંયે મને દુઃખ લાગે છે; પણ એ વિષે નિરુપાય છું. એ દુઃખને તીવ્રપણે અનુભવી ગયેલાનો એની સાથે સમભાવ રહેલો છે એટલું જ એને હું આશ્વાસન આપી શકું.

આથી કરીને મારી ઇચ્છા પણ જણાવી દઉં. આ પુસ્તકની હજારો નકલો ખપી જાય અને એની આવૃત્તિઓ કાઢતાં છાપખાનાવાળાઓ થાકે જ નહિ, એ ઉપરથી હું એ પુસ્તકની પ્રજાએ કરેલી કિમ્મતનો આંક નથી બાંધતો. હું કેટલાં પુસ્તકો કબાટમાં ભરું છું, કેટલાં ઉપર આંખો દોડાવી જાઉં છું, કેટલાંને સ્મૃતિપટમાં કેટલોક સમય સુધી ઉતારી રાખું છું અને કેટલાંને જીવન સાથે વણી નાખું છું તે જાણું છું. જેટલાં હૃદયમાં કોઈ પુસ્તકના ભાવો કોતરાઇ જાય છે એટલી જ એની નકલો ખપી જાય છે એમ હું માનું છું. બીજી નકલોનો ઉઠાવ લોકોનાં કબાટોને કાગળોથી ભરવાવાળો અને છાપખાનાંવાળાની તિજોરીને નોટોથી ભરવાવાળો હોઇ, અને કદાપિ આંખો અને સ્મૃતિને પણ ભાર રૂપ હોઇ, તેની મને કિમ્મત નથી લાગતી.

જે ભાવનાઓથી પ્રેરાઇને આ લખ્યું છે તથા જે ભાવનાઓથી પ્રેરાઇને આ ચરિત્ર–નાયકોની જીવન–લીલા રમાઇ ગઈ તે ભાવનાઓનો ઉત્કર્ષ થાઓ. ૐ શાન્તિ:

સત્યાગ્રહાશ્રમ
સાબરમતી } કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા

પ્રસ્તાવના

આ નાનકડી પુસ્તકમાળામાં કેટલાક અવતારી પુરુષોનો ટુંકો જીવનપરિચય કરાવવા ધાર્યું છે. આ પરિચય કરાવવામાં જે દૃષ્ટિબિન્દુ ધ્યાનમાં રાખ્યું છે એ વિષે બે શબ્દ લખવા આવશ્યક છે.

અવતારી પુરુષ એટલે શું ? આપણે હિન્દુઓ માનીયે છીયે કે જ્યારે પૃથ્વી પરથી ધર્મનો લોપ થાય છે, અધર્મ વધી પડે છે, અસુરોના ઉપદ્રવથી સમાજ પીડાય છે, સંતતાનો તિરસ્કાર થાય છે, નિર્બળનું રક્ષણ થતું નથી, ત્યારે પરમાત્માના અવતારો પ્રકટ થાય છે. પણ અવતારો કેવી રીતે પ્રકટ થાય છે, એ પ્રકટ થાય ત્યારે એમને કેવે લક્ષણે ઓળખવા અને એમને ઓળખીને અથવા

એમની ભક્તિ કરીને આપણા જીવનમાં કેવા ફેરફાર કરવા એ જાણવું જરૂરનું છે.

સર્વત્ર એક પરમાત્માની શકિત—સત્તા—જ કાર્ય કરી રહી છે. મારામાં—તમારામાં—સર્વેમાં એક જ પ્રભુ વ્યાપી રહ્યો છે. એની જ શકિતથી સર્વેનું હલન-ચલન-વલણ છે. રામ, કૃષ્ણ, બુદ્ધ, ઈશુ વગેરેમાં પણ એ જ પરમાત્માની શકિત હતી. ત્યારે આપણામાં અને રામ-કૃષ્ણાદિકમાં શો ફેર ? એ પણ મારા-તમારા જેવા જ મનુષ્ય દેખાતા હતા; એમને પણ મારી-તમારી માફક દુઃખો વેઠવાં પડ્યાં હતાં અને પુરુષાર્થ કરવો પડ્યો હતો; છતાં આપણે એમને અવતાર શા માટે કહીયે છીયે ? હજારો વર્ષ વીતી ગયાં છતાં શું કામ આપણે એમને પૂજીયે છીયે ?

‘ આત્મા સત્યકામ-સત્યસંકલ્પ છે ’ એવું વેદવચન છે. જે આપણે ધારીયે, ઇચ્છીયે તે પ્રાપ્ત કરી શકીયે એવો એનો અર્થ થાય છે. જે શક્તિને લીધે આપણી કામનાઓ સિદ્ધ થાય છે એને જ આપણે પરમેશ્વર-પરમાત્મા-બ્રહ્મ-કહીયે છીયે. જાણેઅજાણે પણ એ જ પરમાત્માની શક્તિનું આલમ્બન-શરણ-લઇ આપણે જે સ્થિતિમાં આજે

છીયે તે સ્થિતિ પ્રાપ્ત કરી છે; અને ભવિષ્યમાં જે સ્થિતિ પ્રાપ્ત કરીશું તે પણ એ જ શક્તિનું આલમ્બન લઇને કરીશું. રામ-કૃષ્ણે પણ એ જ શક્તિનું આલમ્બન લઇ સર્વેશ્વરપદ- અવતારપદ- પ્રાપ્ત કર્યું હતું; હવે પછી જે અવતારો થશે તે પણ એ જ શક્તિનું આલમ્બન લઇને. આપણામાં અને એમનામાં ફરક એટલો કે આપણે મૂઢપણે—અજાણ-પણે એ શક્તિનો ઉપયોગ કરીયે છીયે; એમણે બુદ્ધિપૂર્વક—શક્તિને પૂર્ણપણે ઓળખીને—એનું અવલમ્બન લીધેલું.

બીજો ફરક એ કે આપણે આપણી ક્ષુદ્ર વાસનાઓને તૃપ્ત કરવા પ્રભુનો ઉપયોગ કરીયે છીયે. અવતારી પુરુષની આકાંક્ષાઓ, એમના આશયો મહાન અને ઉદાર હોય છે; એને જ માટે એ આત્મબળનો આશ્રય લે છે.

ત્રીજો ફરક એ કે સામાન્ય જનસમાજ મહાપુરુષોનાં વચનોને અનુસરનારો અને એમના આશ્રયથી તથા એમના ઉપરની શ્રદ્ધાથી પોતાનો ઉદ્ધાર માનનારો હોય છે. જુનાં શાસ્ત્રો એ જ એમનો આધાર હોય છે. અવતારી પુરુષો કેવળ શાસ્ત્રોને અનુસરનારા નથી હોતા; એ શાસ્ત્રોના રચનારા

અને ફેરવનારા પણ થાય છે. એમનાં વચનો એ જ શાસ્ત્રો થાય છે અને એમનાં આચરણો એ જ અન્યને દીવાદાંડી રૂપ થાય છે. એમણે પરમ-તત્ત્વ જાણી લીધું છે. એમણે પોતાનું અન્તઃકરણ શુદ્ધ કર્યું છે. એવા સજ્ઞાન, સવિવેક અને શુદ્ધ ચિત્તને જે વિચાર સૂઝે, જે આચરણ યોગ્ય લાગે તે જ સચ્છાસ્ત્ર, તે જ સદ્ધર્મ. કોઈ પણ બીજાં શાસ્ત્રો એમને બાંધી શકતાં નથી કે એમના નિર્ણયમાં ફરક પાડી શકતાં નથી.

આપણે આપણા આશયોને ઉદાર બનાવીયે, આપણી આકાંક્ષાઓને ઉચ્ચ બાંધીયે અને પ્રભુની શક્તિનું જ્ઞાનપૂર્વક અવલમ્બન લઇયે તો પ્રભુ આપણામાં યે અવતાર રૂપે પ્રકટ થવા મહેર કરે. વિજળીની શક્તિ ઘરમાં ગોઠવાયેલી છે; એનો ઉપયોગ આપણે એક ક્ષુદ્ર ઘંટડી વગાડવામાં કરી શકીયે, તેમજ તે વડે દીવાની પંક્તિથી આખા ઘરને શણગારી શકીયે. તે જ પ્રમાણે પ્રભુ આપણા પ્રત્યેકના હૃદયમાં વિરાજી રહ્યો છે; એની સત્તા વડે આપણે એક ક્ષુદ્ર વાસનાની તૃપ્તિ કરી શકીયે, અથવા મહાન અને ચારિત્રવાન થઇ સંસારને તરી જઇયે અને બીજાને તારવામાં મદદગાર થઇયે.

અવતારોએ પોતાની રગેરગમાં અનુભવાતા પરમાત્માના બળથી પવિત્ર થવા, પરાક્રમી થવા, પરદુઃખભંજન થવા ચાહ્યું. એમણે એ બળ વડે સુખદુઃખથી પર, કરુણહૃદયી, વૈરાગ્યવાન, જ્ઞાનવાન અને પ્રાણીમાત્રના મિત્ર થવા ઇચ્છયું. સ્વાર્થના ત્યાગથી, ઇંદ્રિયોના જયથી, મનના સંયમથી, ચિત્તની પવિત્રતાથી, કરુણાની અતિશયતાથી પ્રાણીમાત્ર તરફના અત્યન્ત પ્રેમથી, બીજાનાં દુઃખોનો નાશ કરવા પોતાની સર્વ શકિત અર્પણ કરવા માટેની નિરન્તર તત્પરતાથી, પોતાની અત્યન્ત કર્તવ્યપરાયણતાથી, નિષ્કામતાથી, અનાસકિતથી અને નિરહંકારીપણાથી, ગુરુજનોને સેવી તેમના કૃપાપાત્ર થવાથી એ અવતારો ગણાયા, મનુષ્યમાત્રને પૂજનીય થયા.

આપણે ધારીયે તો આપણે પણ એવા પવિત્ર થઇ શકીયે, એવા કર્તવ્યપરાયણ થઈ શકીયે, એટલી કરુણાવૃત્તિ કેળવી શકીયે, એવા નિષ્કામ, અનાસકત અને નિરહંકારી થઈ શકીયે. એવા થવાનો આપણો નિરન્તર પ્રયત્ન રહે એ જ અવતારોની ભકિત કરવાનો હેતુ. જેટલે અંશે આપણે એમના જેવા થઇયે તેટલે અંશે જ આપણે

એમનું અક્ષરધામ મેળવ્યું કહેવાય. જો આપણો એમના જેવા થવા પ્રયત્ન ન હોય તો આપણે કરેલું એમનું નામસ્મરણ પણ વૃથા છે, અને એ નામ-સ્મરણથી એમની સમીપ જવાની આશા રાખવી પણ વૃથા છે.

ત્યારે આપણે પરમેશ્વરની ઉપાસના કેવી રીતે કરવી? આપણા જન્મથી આપણો પહેલો સંબન્ધ માતા જોડે થાય છે, બીજો પિતા સાથે છે, ત્રીજો બંધુઓ જોડે છે, ચોથો ગુરુ સાથે થાય છે અને પાંચમો મિત્રનો છે. આપણે વિવાહિત હોઇયે તો આપણો સંબન્ધ પત્ની જોડે થાય અને કુટુંબી હોઇયે તો બાળકો સાથે પણ બંધાય.

તે માટે આપણે પ્રથમ પ્રભુનું માતાપિતા તરીકે ધ્યાન ધરીયે અને સાથે સાથે આપણા પ્રત્યક્ષ માતાપિતાને પ્રભુ ગણી તેમની એક-ચિત્તે સેવા કરીયે તો આપણામાં આદર્શ પુત્રના ગુણો ઉતરે અને સાથે સાથે આદર્શ માતાપિતાના ગુણોનું ધ્યાન થઇ જાય. જે ગુણોનું ધ્યાન થાય તે ગુણો પણ આપણામાં ઉતરે જ, એટલે માતા-પિતાનો વાત્સલ્યગુણ આપણામાં આવતો જ રહે.

આપણે પ્રભુનું બંધુ તરીકે ધ્યાન ધરીએ અને બંધુની પ્રભુ પ્રમાણે સેવા કરીએ તો આપણે લક્ષ્મણ અને ભરતની બંધુભક્તિ પ્રાપ્ત કરીએ અને રામનો બંધુપ્રેમ સહજ આવી જાય.

એ જ પ્રમાણે પ્રભુની મિત્ર તરીકે, ગુરુ તરીકે વગેરે ઉપાસના કરવી ઘટે, અને એ ઉપાસના પ્રત્યક્ષ મિત્ર, ગુરુ ઈત્યાદિકમાં ઉતારવી ઘટે.

પત્ની પરની આપણી પવિત્ર દૃષ્ટિ તો મિત્ર તરીકે જ હોય, એટલે મિત્રભાવનાને વધારવી એ જ પત્નીવ્રત ગણાય. પુત્રભાવનાનો વિસ્તાર શિષ્યમાં થાય, બંધુભાવનાનો મનુષ્યમાત્રમાં, માતાપિતાનો વડીલો પ્રત્યે. આપણી પરમેશ્વર પ્રત્યેની ભાવના પ્રત્યક્ષ મનુષ્યમાં ન ઉતરે તો એ ભક્તિ જડ જ છે.

એક જ ચેતવણી આ ઉપાસનાવિધિમાં આપવી ઘટે છે. રામ–કૃષ્ણ જેવા થવું એટલે રામ–કૃષ્ણની કીર્તિના ઈર્ષ્યાળુ થવું એમ નહિ. આપણા ઉપર કોઇ વાલ્મીકિ કે વ્યાસ કાવ્ય કરે, આપણી મૂર્તિઓ ઘેર ઘેર પૂજાય, આપણા નામના સંપ્રદાયો ચાલે, આપણી જય બોલાતી રહે, એવી જો આપણે આકાંક્ષા ધરી તો રામ–કૃષ્ણ જેવા કદી થવાશે નહિ.

પ્રસ્તાવના

આ જીવન–પરિચય વાંચી, વાંચનાર અવતારોને પૂજતો થાય એટલું બસ નથી. એ અવતારોને પારખવા શક્તિમાન થાય અને અવતારો જેવા થવા પ્રયત્નશીલ થાય તો જ આ પુસ્તક વાંચવાનો શ્રમ સફળ થયો ગણાશે.

છેવટમાં એક વાક્ય લખવું ઘટે છે. આમાં જે કાંઇ નવું છે તે વિચારો મને પ્રથમ સૂઝ્યા છે એમ નથી કહી શકતો. મારા જીવનના ધ્યેયમાં તથા ઉપાસનાના દૃષ્ટિબિન્દુમાં પરિવર્તન કરી નાખનાર, મને અંધારામાંથી અજવાળામાં લઈ જનાર મારા પૂજ્યપાદ ગુરુદેવ જ મારે નામે બોલે છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. છતાં એમાં જે ખામી હોય તે મારા જ વિચાર અને ગ્રહણશક્તિની સમજવી.

રામ અને કૃષ્ણના લેખો માટે હું રા. બા. ચિન્તામણ વિનાયક વૈદ્યનાં એ અવતારોનાં ચરિત્રોના ગુજરાતી અનુવાદકોનો અને બુદ્ધદેવના ચરિત્ર માટે શ્રી. ધર્માનંદ કોસમ્બીના ‘બુદ્ધલીલા–સાર-સંગ્રહ’ અને ‘બુદ્ધ, ધર્મ અને સંઘ’ નો ઋણી છું. મહાવીરની વસ્તુ બહુધા હેમાચાર્ય કૃત ‘ત્રિષષ્ઠિ શલાકા પુરુષ’ને આધારે છે અને ઈશુ માટે ‘બાઇબલ’નો ઉપયોગ કર્યો છે.

કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા

તારણ

ઇશુ ખ્રિસ્ત

પ્રાસ્તાવિક

પાલિસ્ટાઇનઃ ભૌગોલિક માહિતિ—વિસ્તાર

૧ એશીયાના છેક પશ્ચિમ ખૂણામાં પૂર્વાંશ લગભગ ૩૪° અને ૩૬·૫° તથા ઉત્તરાંશ ૩૦·૫° અને ૩૩·૨૫° ની વચ્ચે પાલિસ્ટાઈન નામનો એક જિલ્લો છે. એ અરબસ્તાનના વાયવ્ય ખૂણામાં આવેલા સીરીયા નામે પ્રાન્તનો ભાગ છે. છેલ્લી લડાઇ પહેલાં તુર્કસ્તાનના રાજ્યનો એ એક ભાગ હતો; અને એ જિલ્લા ઉપર કોની હકુમત રહેવી જોઇયે એ ખિલાફતની લડતનો એક વિષય છે. એ જિલ્લાની લંબાઇ ઉત્તર—દક્ષિણ ૧૪૦ માઇલ અને પૂર્વ—પશ્ચિમ સરેરાશ ૮૦ માઇલ છે. એનું ક્ષેત્રફળ આશરે ११૦૦૦ ચોરસ માઇલ હશે. એની ચતુઃસીમા

ઉત્તરે લેબનન (Lebanon)નો ઘાટ, પૂર્વે અરબસ્તાનના રણનો ભાગ, દક્ષિણે સિનાઇનો દ્વીપકલ્પ અને પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર આવેલાં છે. પાલિસ્ટાઇનની વચ્ચોવચ થઇને યર્દન (Jordon) નામે એક નદી ઉત્તરથી દક્ષિણ તરફ વહે છે. માર્ગમાં એ ગાલિલી અથવા ગિનેસરત (Genneserat)ના સરોવરમાં પડે છે, અને બીજી બાજુથી પાછી નીકળી મૃતસર (Dead Sea)માં પડે છે. આ એક સમુદ્ર જેવું વિશાળ સરોવર છે અને એનું પાણી એટલું બધું ખારૂં છે કે એમાં માછલાં પણ જીવી શકતાં નથી, અને તેથી જ એનું નામ મૃતસર પડ્યું છે.

આબોહવા

૨ પાલિસ્ટાઇનનો ઘણોખરો જિલ્લો પહાડી છે. એની આબોહવા વિવિધ પ્રકારની છે. કોઈ ઠેકાણે અતિશય તાપ અને કોઇ ઠેકાણે બહુ જ ઠંડી પડે છે; એકંદરે હવામાં ભીનાશ વધારે રહે છે, કારણકે ત્યાં વરસાદ લગભગ ભાદરવાથી ચૈત્ર સુધી એટલે આઠ મહિના પડે છે, અને બાકીના ચાર મહિના ઉનાળો રહે છે.

દેશ-વિભાગ

૩ યર્દન નદી જિલ્લાની વચ્ચેથી વહેતી હોવાથી આખા જિલ્લાના પૂર્વ અને પશ્ચિમ એવા બે ભાગ પડી જાય છે.

આશરે ૨૦૦૦ વર્ષ ઉપર એમાં પાંચ તાલુકા હતા. બે યર્દનની પૂર્વે અને ત્રણ પશ્ચિમે. પૂર્વમાં પિરીયા (Peræa) અને દશનગર (ડેકાપોલીસ Deccapolis) તથા ઇટુરીયા (Ituræa) નો સંયુક્ત તાલુકો અને પાશ્ચમમાં યહુદીયા (Judea), સમરીયા (Samaria) અને ગાલિલી (Galilee).

બે હજાર વર્ષ પૂર્વે

૪ બે હજાર વર્ષ પવે આ જિલ્લો રોમન સામ્રાજ્યનો એક ભાગ હતો. એમાં મુખ્યત્વે કરીને યહુદી લોકોની વસ્તી હતી. એની રાજધાનીનું શહેર યરુસલીમ (Jerusalem)હતું. જેમ હિન્દુઓને કાશી, મુસલમાનોને મક્કા, તેમ યહુદીઓને યરુસલીમ. એટલે એ એમનું અતિ પવિત્ર તીર્થક્ષેત્ર પણ હતું. ત્યાં યહુદી લોકોનું મોટામાં મોટું મન્દિર હતું. એ યહુદીયા તાલુકામાં આવેલું હતું, અને એ તાલુકામાં જ ઉંચી જાતના યહુદી લોકોની—અથવા તેમની ખાસ—વસ્તી હતી.

યહુદી લોકો—પ્રાચીન ખ્યાતિ

૫ યહુદી પ્રજા પૃથ્વીતળની જુની પ્રજાઓમાંની એક છે. એક કાળમાં એ પ્રજા બહુ સમૃદ્ધિવાન હતી. એમની રાજકીય અને સામાજિક રચના

વ્યવસ્થિત અને વિસ્તૃત હતી. એમનું રાજ્ય મિસર (ઇજિપ્ટ), અરબસ્તાન અને ઇરાન સુધી પહોંચેલું હતું. દાઉદ (David) અને સુલેમાન (Solomon) જેવા રાજાઓનાં શાસન અને નીતિ, અને મુસા (Moses) વગેરે સ્મૃતિકારોના ધાર્મિક તથા સામાજિક નિયમોને કેવળ યહુદી લોકોએ જ નહિ, પણ આજુબાજુની અન્ય પ્રજાઓએ પણ પ્રમાણભૂત તરીકે માન્યાં હતાં.

પડતી–એમનો રાજા

૬ પણ વિક્રમ સંવતની શરૂઆતના કાળમાં આ પ્રજા છેક પડતી હાલતમાં પહોંચી હતી. યહુદીઓનો એક રાજા હતો ખરો, પણ તેની સત્તા આપણા દેશી રાજાઓના જેવી હતી,—એટલે કે પોતાની પ્રજા ઉપર જુલમ કરવાની અને રોમન સુબાઓની ગુલામગીરી કરવાની એને છુટ હતી. વિક્રમ સંવતની શરૂઆતમાં તો એ રાજા યહુદી પણ ન હતો; માત્ર યહુદી કન્યા સાથે પરણેલો એટલો જ એનો યહુદીઓથી સંબંધ હતો. યહુદીઓના રાજાને રોમન સમ્રાટને નજરાણું મોકલવું પડતું, અને એની પ્રજાને સામ્રાજ્ય માટે કર પણ

ભરવા પડતા. વળી ભારે શિક્ષાઓ કરવાનો એને અધિકાર ન હતો.

૭ યહુદી લોકોનો ધર્મ મુસા વગેરે કેટલાક પયગમ્બરોની સ્મૃતિઓને આધારે રચાયેલો હતો. ધર્મના વિષયમાં એમનામાં બે સંપ્રદાયો મુખ્ય હતાઃ એક ફરિસી (Pharisee)નો અને બીજો સદુકી (Saducees)નો. ફરિસી લોકો અત્યન્ત કર્મકાણ્ડી હતા. વિધિ પ્રમાણે યજ્ઞની, વ્રતોની અને ઉત્સવોની ક્રિયાઓ કરવામાં અને જ્ઞાતિભેદો સાચવવામાં એમનો ધર્મ સચવાઇ ગયો હતો. પોતાના જુના રીતરિવાજોમાં લગીરે ફરક ન પડવા દેવાની એ બહુ કાળજી રાખતા; યુનાની, રોમન વગેરે એમને મતે મ્લેચ્છ લોકોના રીતરિવાજોનો બહિષ્કાર કરવામાં બહુ સાવધાન રહેતા. યુગાન્તરને એમના મતમાં સ્થાન ન હતું.

ધર્મપંથો

૮ સદુકી લોક 'નવા વિચારના' હતા. એમણે પોતાના જુના રીતરિવાજો ઘણેક અંશે છોડી દીધા હતા. સાંસારિક ઉન્નતિની ચિંતા એ વિશેષ કરતા, અને તેથી રાજ્યમાં નોકરી કરવી, વેપાર ખેડવો, જ્ઞાતિબંધનો ઢીલાં કરવાં વગેરેમાં એ આગળપડતો ભાગ લેતા.

૯ ફેરિસીઓ પૂજાપાઠમાં લાગેલા હતા અને સદુકીઓ પૈસા પાછળ લાગેલા હતા. ફેરિસીઓમાં કાંઈક શુદ્ધ વર્તન પર લક્ષ હતું, પણ વિચારનું અને કર્તૃત્વનું બળ ઓછું હતું તથા અંધશ્રદ્ધા અને અસહિષ્ણુતા વિશેષ હતાં; સદુકીઓ માન્યતા કરતાં વિચારને વધારે જોર દેતા, પણ એમને પરદેશી એટલું સારૂં લાગતું. પુરેપુરા યુનાની કે રૂમી થવા તરફ એમનું લક્ષ્ય હતું.

ધર્મવ્યવસ્થા -યાજકો

૧૦ યહુદીઓનું મુખ્ય મન્દિર યરુસલીમમાં હતું એ કહ્યું છે. એ મન્દિરમાં બલિદાન ચડાવવાનો અધિકાર યાજક (Priests) લોકોનો હતો. ગામેગામ નાનાં મન્દિરો પણ રહેતાં, પણ ત્યાં પૂજાવિધિ કે બલિદાન થતાં નહિ. યાજકોના પૂજાના વારા બાંધેલા હતા, અને તે પ્રમાણે તે પૂજા કરવા યરુસલીમ જતા. એમનો ઉપરી મહાયાજક કહેવાતો. એ યહુદીઓનો ધર્માચાર્ય હતો એમ કહીયે તો ચાલે. એની નીમણુક યાજકોની ચુંટણીથી થતી; પણ આ સમયે તો સામ્રાજ્યનો વગ એટલો બધો વધી ગયો હતો કે એમાં પણ તેમનો માનીતો માણસ જ આવી શકતો.

૧૧ ત્યાર પછી બીજો સમુદાય શાસ્ત્રીઓ (Seribes) નો હતો. શાસ્ત્રીઓ ધર્મ અને આચારના વિષયોમાં નિર્ણયો આપતા અને એમનો નિર્ણય કાશીના શાસ્ત્રીઓના શાસ્ત્રાર્થ જેવો માન્ય ગણાતો. બહુ વિદ્વાન શાસ્ત્રીને રબ્બી કહેતા.

શાસ્ત્રીઓ

૧૨ યહુદી લોકોના જે કાંઇ ધાર્મિક, સામાજિક કે રાજકીય હકો રોમન સામ્રાજ્યમાં બાકી રહ્યા હતા તે એકોતેર માણસની એક સભાને સોંપાયેલા હતા. મહાયાજક, યાજકો અને બીજા કેટલાક વિદ્વાન યહુદીઓને આ સભામાં બેસવાનો અધિકાર હતો. પણ એ સભાએ રોમન સુબાને આધીન રહેવું પડતું અને એની રાજકીય મહત્તા નામની જ હતી.

એકોતેરી સભા

૧૩ આ સિવાય જિલ્લામાં કર ઉઘરાવનારા—દાણીઓ—નો એક વર્ગ હતો. વૉરન હેસ્ટિંગ્સના વખતમાં જેમ બંગાળામાં કર ઉઘરાવવાનો હક લીલામથી વેચવામાં આવતો, તેમ રોમન સામ્રાજ્યમાં પણ ઠેકેદારો જુદાં જુદાં ગામોમાંથી કર ઉઘરાવવાનો હક વેચાતો લેતા. પોતાનો ફાયદો કાઢવા માટે એ લોકો પ્રજા પાસેથી

દાણી

ઘણું ઉઘરાવતા, અને તેથી સ્વાભાવિક રીતે એ વર્ગ પ્રજાને ઘણો અળખામણો લાગતો. હાણીઓ ઉપર લોકો તિરસ્કારની દૃષ્ટિએ જોતા અને તેઓ દેશદ્રોહીમાં ગણાતા. તોપણ એમાં કેટલાક સારા માણુસોયે હતા.

વ્રતો અને ઉત્સવો

૧૪ યહુદીઓનાં કેટલાંક વ્રતો અને ઉત્સવો વિષે પણુ અત્રે માહિતી આપવી ઉચિત છે; કેમકે ઈશુ ખ્રિસ્તના જીવનવૃત્તાન્તમાં એનો ઉલ્લેખ આવશે.

(૧) યહુદીઓમાં શુક્રવારની સાંજથી તે શનિવારની સાંજ સુધીના ચોવીશ કલાક સાબ્બાત (Sabbath) એટલે વિશ્રાન્તિના ગણાતા. તે દિવસે કાંઈ પણ ઉદ્યોગ કરવો એ વ્રતભંગ કર્યા બરાબર મનાતું.

(૨) માર્ચ અથવા એપ્રિલ મહિનામાં યહુદી લોકોનું મોટામાં મોટું નિસ્તાર (Passover) નામે પર્વ આવતું. યહુદી લોકો સહીસલામત રણુને ઓળંગીને પાલિસ્ટાઇનમાં આવી પહોંચ્યા તેની યાદગીરીમાં એ તહેવારો મનાયા હતા. એ પ્રસંગે કેટલાક દિવસ સુધી યરુસલીમમાં ઓચ્છવ થતો, અને લગભગ બધા યહુદીઓ તે ટાણે મુખ્ય મન્દિરની યાત્રાએ આવતા.

(૩) તંબુનિવાસ (Tabernacles) પર્વ એ પણ એક મોટું પર્વ હતું અને તે શરદૃઋતુમાં આવતું. એક કાળે યહુદીઓને પોતાનાં ઘરબાર છોડી તંબુઓમાં ઘણા દિવસો ગાળવા પડેલા, તેની સ્મૃતિ આ પર્વ કરાવતું.

ઇશુના જન્મ-કાળના સમયની સ્થિતિ

૧૫ લગભગ ૧૯૨૫ વર્ષ ઉપર યહુદી લોકોની સ્થિતિ આવા પ્રકારની હતી. ઇશુ ખ્રિસ્તના જન્મ વખતે (ઇ. સ. પૂર્વે ૭ થી ૪ અથવા વિ. સં. ૫૦ થી ૫૨ ની વચ્ચે *) હેરદ (Herod) નામે એક ક્રૂર અને વહેમી માણસ યહુદીઓનો રાજા નીમાયો હતો. એ પોતે યહુદી ન હતો, પણ છેલ્લા યહુદી રાજાની પાત્રી સાથે પરણી રાજ્યાધિકારી થયો હતો. એ સત્તાનો લોભી હતો અને પોતાના જિલ્લામાં આપખુદી ભોગવવા ઇચ્છતો હતો. રોમન સમ્રાટને ભારે ભારે નજરાણાં મોકલી તથા વગવાળા યહુદી-

* ઇશુના જન્મનું વર્ષ ગણવામાં ચારેક વર્ષની ભૂલ છે એમ એનો સંવત શરૂ થયા પછી ઘણે વર્ષે માલુમ પડ્યું. એટલે એનો જન્મ ઇસ્વી સનના પહેલા વર્ષમાં નહિ, પણ તેની પહેલાં ચારેક વર્ષે થયો હતો એમ યુરોપીય વિદ્વાનો માને છે.

ઓને ઉંચા અધિકાર આપી એમનાં મોઢાં બંધ કરતો, અને તેમને ખુશ રાખવાથી પ્રજા ઉપર એ મનમાન્યો ત્રાસ વર્તાવી શકતો. યાજકોને પ્રસન્ન રાખવા માટે એણે યરુસલીમના મુખ્ય મન્દિરને ફરીને નવું બંધાવ્યું હતું. એ મન્દિર એ કાળમાં સૌન્દર્ય માટે એટલું વખણાતું કે એમ ગણાતું કે જેણે એ મન્દિર જોયું ન હોય તે સૌન્દર્ય શું એ જાણી જ ન શકે.

ઝેલોતી લોકો

૧૬ અલબત્ત, યહુદીઓમાં એક એવો વર્ગ બન્યો જ હતો કે જે પોતાના દેશની પરાધીન અવસ્થાથી દુઃખિત થઇ એ સ્થિતિમાંથી છુટવા ઉદ્યોગ કર્યાં કરતો હતો. આ લોકો ઝેલોતી (એટલે ચળવળીયા) કહેવાતા.

પૂર્વવાણી

૧૭ યહુદીધર્મમાં એક એવી માન્યતા પ્રચલિત હતી કે યહુદીઓના ઉદ્ધારાર્થે ભવિષ્યમાં ઇશ્વરના ખાસ અભિષિક્ત (મસીહા અથવા ખ્રિસ્ત) પુરુષનો અવતાર થશે, અને તે દયા તથા પ્રેમના ધોરણે દુનીયામાં ઇશ્વરી રાજ્યની સ્થાપના કરશે અને યહુદીઓને પરાધીનતાની બેડીમાંથી છોડવશે. યહુદીઓ પોતે પુરુષાર્થી રહ્યા ન હતા. એમનામાં પ્રાણનો બહુ ઓછો પ્રવાહ વહેતો

હતો, ત્યાગવૃત્તિ મન્દ થઇ ગઇ હતી, એટલે કોઈ ચમત્કારી પુરુષ આવીને ચમત્કારિક રીતે તેમનો ઉદ્ધાર કરશે એવી કાપુરુષની શ્રદ્ધા * પર તેઓ બેઠેલા હતા. એ સમય હવે આવી જ પહોંચ્યો છે એમ કેટલાક યહુદીઓનું માનવું હતું.

---

* એ શ્રદ્ધા પણ અયોગ્ય ન ગણાય. પણ ઘણુંખરું નિર્વીર્ય થયેલી પ્રજામાં આવો ઉદ્ધારક આવતાં એને ઓળખીને અનુસરવાની શક્તિ પણ રહી નથી હોતી.

સાધના

---

૧ યહુદીઓની આવી પરિસ્થિતિમાં એમનામાં બે સત્પુરુષોનો જન્મ થયો. એમાંનો

દીક્ષા આપનારો જાન

પહેલો જકરીયા (Zacharias) અને એલિશિબા (Elisabeth) નો પુત્ર જાન (John) હતો. એ દીક્ષા આપનારા (Baptist) જાન તરીકે ઓળખાય છે. જાન ઈશુ કરતાં છએક મહિને મોટો હતો. એનો પિતા એક યાજક હતો. એ અને એની સ્ત્રી એકમાર્ગી અને ધાર્મિક ક્રિયાઓમાં સરળપણે શ્રદ્ધાવાળાં હતાં. ઘરડે ઘડપણ એમને ત્યાં જાનનો જન્મ થયો હતો. જાનના બાળપણની હકીકત કશી જ જણાઈ નથી; પણ એમ લાગે છે કે એણે કેટલાંક વર્ષ એકાન્તવાસ અને તપશ્ચર્યામાં

ગાળ્યાં હશે. લગભગ ત્રીશ વર્ષની ઉમરે એણે ઉપદેશ દેવાનું કાર્ય શરૂ કર્યું હતું. એની સાદાઈ, અપરિગ્રહતા, પવિત્રતા અને સ્પષ્ટ વક્તૃત્વથી ઘણા લોકો એનો ઉપદેશ સાંભળવા આકર્ષાતા. એ કફનીના જેવું ઊંટના વાળનું એક વસ્ત્ર પહેરતો, અને તેને ચામડાના પટાથી કમ્મર આગળ બાંધી રાખતો. એનો આહાર બહુ જ સાદો અને કોઈ મનુષ્ય ઉપર આધાર રાખવો ન પડે એવો હતો. એના ઉપદેશમાં મુખ્યત્વે કરીને એ આવતું કે ધર્મરાજ્યની સ્થાપનાનો કાળ હવે આવી લાગ્યો છે. તે રાજ્યને સ્વીકારવા માટે પ્રજાએ તૈયાર થવું જોઇયે. તૈયાર થવું એટલે પોતાનાં પાપો માટે અનુતાપ કરી ચિત્તને શુદ્ધ કરવું. વૃથા કુળાભિમાન, વર્ણાભિમાન અને પાંડિત્યાભિમાન ઉપર એ સખત ચાબખા મારતો. આથી કરીને ફરિસીઓ, સદુકીઓ અને યાજકો સર્વે એની સામે બળતા. પણ પ્રજાનો સામાન્ય વર્ગ એના ઉપદેશને શ્રદ્ધાપૂર્વક સાંભળતો. જે પવિત્રતાને માર્ગે ચાલવા ઇચ્છતા હોય તેને એ પાણીનું સિંચન કરી દીક્ષા આપતો, અને પોતાથી ભૂતકાળમાં થયેલાં પાપ માટે અનુતાપ કરવા, તેની માફી માટે પ્રાર્થના કરવા

અને ભવિષ્યમાં પુણ્યમાર્ગે ચાલવા એ પ્રતિજ્ઞા લેવડાવતો. અનેક જનો આ પ્રમાણે એની પાસેથી દીક્ષા ગ્રહણ કરતા, અને એને પયગમ્બર * તરીકે માનતા થયા હતા.

ઈશુ-જન્મ

૨ બીજા સત્પુરુષ તે ઈશુ. એનો પિતા યુસફ (Joseph) યરુસલીમની પાસેનો બેથલમ (Bethlehem) ગામનો એક સુતાર હતો. એની મા મર્યમ (Mary) ગાલિલી તાલુકાના નસરત (Nazareth) ની રહીશ હતી. યુસફ પણ ઘણુંખરું ત્યાં જ ધંધો કરતો, પણ ઈશુના જન્મ સમયે પોતાના વતનમાં જ બાળકના જન્મની નોંધ કરાવવાની ઇચ્છાથી એ મર્યમને લઇને બેથલમ આવ્યો હતો. ત્યાં એક સરાઇમાં ઈશુ ખ્રિસ્તનો જન્મ થયો. જેમ કંસે પુતનાને મોકલીને ગોકુળનાં બાળકોને મરાવી નાખ્યાં એવી પૌરાણિક કથા છે, તેમ ઈશુની બાબતમાં પણ એવી વાત છે કે હેરદને એના જોશીઓએ ઈશુના જન્મ સમયે કહ્યું હતું કે એનો શત્રુ બેથલમમાં પેદા થયો છે. તે ઉપરથી વહેમાઇ હેરદે બે વર્ષની અંદરનાં જેટલાં બાળકો બેથલમમાં હોય તેને મારી

* 'પયગમ્બર અને ખ્રિસ્ત' ઉપર પાછળ નોંધ જુઓ.

નાંખવાનો હુકમ કર્યો. આ હુકમનો અમલ થતાં પહેલાં યુસફને આ વાતની ખબર પડી ગઇ, અને તેથી તે મર્યમ અને ઈશુને લઇને નસરત નાશી ગયો.

પૌગણ્ડાવસ્થા

૩ આ પછીનાં બાર વર્ષની ઈશુ સંબન્ધી કશી હકીકત જણાઇ નથી. બારેક વર્ષની ઉમ્મરે તે પોતાનાં માબાપની જોડે નિસ્તાર પર્વ પર યરુસલીમ ગયો હતો. વિધિ પ્રમાણે પૂજા અર્પણ કર્યા બાદ યુસફ અને મર્યમ પોતાના ગામના બીજા લોકો સાથે પાછાં ફર્યાં. ઈશુ તે વખતે સાથે ન હતો. સંઘનાં બીજાં માણસો જોડે હશે એમ માની લઈ એક આખો દિવસ તેમણે એને વિષે કશી ચિંતા કરી નહિ. પણ સાંજ પડતાં સુધીમાંયે તે સંઘમાં કોઇ ઠેકાણે જણાયો નહિ, ત્યારે એ લોકો યરુસલીમ પાછા ફર્યાં અને મન્દિરમાં તપાસ કરવા લાગ્યા. ત્યાં એમણે ઈશુને મન્દિરમાં બેસી શાસ્ત્રીઓની જોડે ધર્મચર્ચા કરતો અને વિવિધ પ્રકારના પ્રશ્નોત્તર કરી સર્વેને આશ્ચર્ય પમાડતો ભાળ્યો. મર્યમે ઈશુને પાછળ પડી રહેવા માટે ઠપકો આપ્યો. ઈશુ એમની સાથે પાછો ઘેર ગયો.

તપશ્ચર્યા

૪ ઈશુનાં ત્યાર પછીનાં લગભગ અઢાર વર્ષની હકીકત વિષે આપણે કાંઇ જાણતા નથી. પણ એમ લાગે છે કે એણે પોતાનો આ સમય આધ્યાત્મિક ચિંતનમાં ગાળ્યો હોવો જોઇયે. જ્યારે એ ત્રીશેક વર્ષનો થયો ત્યારે જાનનો ઉપદેશકાળ શરૂ થઇ ગયો હતો. એ પણ એકવાર જાનનો ઉપદેશ સાંભળવા ગયો અને એને હાથે પવિત્ર બનવાની દીક્ષા લીધી. ત્યાર પછી ઈશુએ ચાળીસ દિવસ સુધી એક પહાડમાં રહી પુષ્કળ ચિંતન કર્યું. એ ચાળીસે દિવસ એણે ઉપવાસ કર્યા. ભૂખ–તરસ, લાભ–હાનિ, ઐહિક ઉન્નતિ, ઐશ્વર્ય, સિદ્ધિઓ વગેરેની વાસનાઓને બાળી નાંખી એણે પોતાના ચિત્તને ઈશ્વરાર્પણ કરી દીધું, અને બદલામાં પ્રાણીમાત્ર પ્રત્યે બંધુત્વ, દયા અને કરુણાની ભાવનાઓથી ભરાયેલા સત્ત્વને* પ્રાપ્ત કર્યું.

---

* સંસારની વાસનાઓથી ભરેલું મન ચિત્ત કહેવાય છે. સર્વે વાસનાઓને બાળી નાંખી એ મન ઇશ્વરને પરિપૂર્ણ અર્પણ કરવામાં આવે, ત્યારબાદ એનું કેવળ દૈવી સંપત્તિઓથી ભરેલું ભાવનાપ્રધાન જે સ્વરૂપ રહે તેને 'સત્ત્વ' કહે છે. શુભ ભાવનાઓમાં જ જેના મનની નિરન્તર સ્થિતિ રહે તે 'નિત્ય સત્ત્વસ્થ' કહેવાય.

પ્રવૃત્તિ

ઈશુના જાહેર-જીવનની શરૂઆતઃ -ચમત્કારો

૧ એમ ચોકસ લાગે છે કે જાન અને ઈશુ બન્નેને પોતાના દેશબંધુઓની અધોગતિથી બહુ બળતરા થતી હતી. શાસ્ત્રો પર જડ શ્રદ્ધા, ધર્મને નામે પાખંડ, ક્ષણિક લાભ માટે અનેકનું નુકસાન કરવાની વૃત્તિ વગેરે મલિનતા જ્યાં સુધી નહિ ટળે ત્યાં સુધી પ્રજાની ઉન્નતિ નહિ થાય એમ એની ખાત્રી થઇ, અને તેથી જાનની માફક એના પણ પહેલા ઉપદેશો પાપને માટે અનુતાપ કરવાના, જીવનને પવિત્ર બનાવવાના અને પ્રેમથી ઈશ્વરની ભક્તિ કરવા વિષેના હતા. પણ આ સાથે સાથે જ એ

ચમત્કારો * પણ કરતો. એના હાથના અડાડવાથી અથવા વસ્ત્રના સ્પર્શથી રોગીઓ સાજા થતા, આંધળાને આંખો આવતી, બહેરા કાને સાંભળવા લાગતા, મૂગાને વાણી ફુટતી અને મરેલા પાછા જીવતા થતા એમ કહેવાય છે. એ ઉપરાંત, નજીવા જેટલા ખોરાકથી મોટાં ટોળાંને જમાડવાં વગેરે આશ્ચર્યો પણ એ કરી બતાવતો. આ ચમત્કારોથી ઇશુની કીર્તિ ગામેગામ ફેલાઇ ગઇ.

પહેલું નિસ્તારપર્વ: યરુસલીમના મન્દિરમાં

૨. ઇશુએ દીક્ષા લીધા પછી ત્રણ ચાર મહિનામાં જ નિસ્તાર પર્વ આવી લાગ્યું અને એ પાછો યરુસલીમ આવ્યો. આ વખતે એણે એક એવું કાર્ય કર્યું કે જેથી યાજક લોકો એને પોતાનો દુશ્મન ગણવા લાગ્યા. યરુસલીમના મન્દિરના એક ભાગને યાજકો વેપારીઓને દુકાન માંડવા ભાડે આપતા. આને લીધે આ ભાગ એક બજાર જેવો બની જતો. પૂજાસ્થાન આ રીતે બજાર બની જાય તે ઇશુથી ખમાયું નહિ. ઇશુએ આ લોકોને બહાર હાંકી કાઢ્યા. કેટલાકે ઇશુને આમ કરવાનો શો અધિકાર

* પાછળ 'ચમત્કારો' વિષે નોંધ જુઓ.

છે, કરી પૂછ્યું. એના ઉત્તરમાં એણે કહ્યું, “ આ મન્દિર તમે તોડી નાખો તો ત્રણ દિવસમાં હું નવું મન્દિર કરવા શક્તિમાન છું.” આનો ભાવાર્થ એ હતો કે આ મન્દિર ઇશ્વરના ભક્તનું છે, અને ભક્ત તરીકે એમાંથી પાપને ધોઇ નાંખવાનો મને અધિકાર છે. ઈંટ અને ચુનાની ભીંતો એ મન્દિર નથી, એની અંદર જળવાયેલી પવિત્રતા એ જ મન્દિર છે. ઈંટ અને ચુનાનું મન્દિર પડી જતાં ભક્ત પોતાના હૃદયમાં રહેલા પવિત્રતાના મસાલાથી બીજું મન્દિર તત્કાળ ઊભું કરી શકે. પણ આ શબ્દો જડ યાજકોએ દેવાલય તરફ ઘોર તિરસ્કાર રૂપે લેખ્યા, અને ઇશુને મારી નંખાવવા માટે આ શબ્દો એની સામે ઉપયોગમાં લેવાયા.

જાનનો અન્ત

૩ શરૂઆતમાં ઇશુએ યહુદીયા તાલુકામાં પોતાનો ઉપદેશ કરવા માંડ્યો. જાન પણ એ જ તાલુકામાં ઉપદેશ કરતો હતો. બન્નેની ચળવળ યહુદીઓમાં નવજીવન પ્રેરી રહી હતી. પડેલી પ્રજામાં નવજીવનનો સંચાર થાય કે રાજ્યકર્તા તેમજ યાજકવર્ગ ગભરાઈ ઉઠે છે. તેમાં વળી ઇશુના ચમત્કારોથી એ લોકો વધારે ગભરાઇ ઉઠ્યા. આ બન્ને ઉપદેશકો જાતિભેદની

દરકાર રાખતા નહિ, અને ઈશુ વળી યહુદીઓના કર્મકાણ્ડને પણ ઝાઝું વજન આપતો નહિ. બન્ને પોતાની દીક્ષા યહુદી સિવાયના અન્ય લોકોને પણ આપતા. દાણી લોકો, જેમને સામાન્ય યહુદીઓ તિરસ્કારની દૃષ્ટિએ જોતા, તેમની સાથે પણ એ બન્ને મળતા રહેતા. આ બધાં કારણથી ફરિસી * લોકોનો ગુસ્સો એમના ઉપર વધી પડ્યો. ઈશુના જન્મ વખતે જે હેરદ રાજા રાજ્ય કરતો હતો તેનો પુત્ર બીજો હેરદ આ વખતે યહુદીયા તાલુકાનો રાજા હતો. એ પોતાના ભાઈની સ્ત્રી જોડે પરણ્યો હતો. આ કૃત્ય યહુદી ધર્મ પ્રમાણે પાપ હતું. જાને એક વખત આ બાબતમાં હેરદને ખુલ્લો ઠપકો દીધો. આથી હેરદ અને એની સ્ત્રી ગુસ્સે થયાં અને એણે જાનને કેદ કર્યો, અને છ માસ પછી એનો શિરચ્છેદ કર્યો.

૪ યહુદીયામાં રાજા અને યાજકોનો વિરોધ જોઈ ઈશુએ ગાલિલીમાં જવાનું દુરસ્ત ધાર્યું. યહુદીયાથી ગાલિલી જતાં વચ્ચે સમરીયા તાલુકો આવે છે.

સમરીયામાં ઉપદેશ

---

* સામાન્ય રીતે ફરિસી, શાસ્ત્રી અને યાજકોની એકમતી રહેતી. આ લેખમાં ગમે તે એક નામ આપ્યું છે, ત્યાં ત્રણે વર્ગ સમજી લેવા.

યહુદીઓ સમરીયાવાસી પ્રત્યે દ્વેષભાવથી વર્તતા. એ તાલુકાને એટલો અપવિત્ર ગણતા કે એમને ગાલિલી જવું હોય તો સમરીયામાં થઇને જવાને બદલે આડકતરો રસ્તો લઈ દરીયાવાટે, નહિ તો દશનગર તાલુકામાં થઈને જતા. સમરીયાના લોકો મૂળ તો યહુદી જ હતા; પણ એ લોકો યરુસલીમ કરતાં સમરીયામાં આવેલા ગિરિઝમ (Gerizim) પર્વતને વધારે મોટું તીર્થ ગણતા, અને આ યહુદી લોકોને પસંદ ન હતું. પરંતુ ઇશુ જેવા સંત કયા પુરુષ પ્રત્યે ઘૃણાની દષ્ટિથી જોઇ શકે ? * એણે તો સમરીયામાંથી જ પોતાનો રસ્તો લીધો અને એ તાલુકાના લોકોને પણ પોતાનો ઉપદેશ સંભળાવ્યો.

સમરીયાણીનું પાણી

૫ એક દિવસ એક કુવા ઉપર તે બેઠો હતો. એના બે ત્રણ શિષ્યો ગામમાં ખાવાનું લેવા ગયા હતા. ઇશુને ખુબ તરસ લાગી હતી. એટલામાં એક સ્ત્રી કુવા ઉપર પાણી ખેંચવા આવી. ઇશુએ તેની પાસે પાણી માગ્યું. યહુદી થઇને સમરીયાણીનું પાણી

*' સંતદ્રષ્ટિ ' ઉપર પાછળ નોંધ જુઓ.

પીવા તેને તૈયાર થયેલો જોઇ એ બાઇએ આશ્ચર્ય દર્શાવ્યું. ઇશુએ એને કહ્યું "બેન, હું કોણ છું તે તું જાણે તો જે ભૌતિક જીવન* હું માગું છું તેના બદલામાં તું મારી પાસેથી આધ્યાત્મિક જીવન માગી લે." બાઇએ તેના શબ્દોને વધારે સ્પષ્ટ કરવા કહ્યું. ત્યારે ઇશુએ ઈશ્વરના પ્રેમનો રસ પીધાથી મનુષ્યમાત્રનું જીવન ઉન્નત થાય છે અને એનો અનન્ત જીવનમાં વાસ થાય છે, એ વિષે ઉપદેશ દેવા માંડ્યો. એ સાંભળી એ બાઇએ ઇશુની દીક્ષા લીધી. એનું પૂર્વજીવન પાપયુક્ત હતું, પણ ત્યારથી એ પવિત્રપણે રહેવા લાગી.×

૬ જે મનુષ્ય પોતાના જીવનમાં ભૂલો કરી પાપમાર્ગે ચડી જાય છે, તેને સામાન્ય જનો તિરસ્કારની દૃષ્ટિએ જુએ છે. એનો સંગ તો બાજુએ રહ્યો, પણ ઘણીવાર એક પ્રાણી તરીકેની દયાને પાત્ર પણ એને ગણવામાં આવતો નથી. જો કોઈ એની તરફ મહેરની દૃષ્ટિએ જુએ તો તેની ઉપર પણ વિવિધ

સંતોની ઉપાસના

---

* ભૌતિક જીવન = પાણી

× 'સમરીયાણીની શુદ્ધિ' ઉપર પાછળ નોંધ જુઓ.

પ્રકારનો જુલમ થાય છે વળી સામાન્ય જનોની ઈશ્વર વિષેની ભાવના એવી હોય છે કે જેમ રાજા દુષ્ટોને દંડ દે છે, તેમ રાજા પાસેથી છટકી ગયેલા લોકોને ઇશ્વર સજા કરે છે. એમનો પરમેશ્વર પાપીઓને દંડવાવાળો છે. યમપુરી એ પરમેશ્વરનું મોટું—અને પરમેશ્વરની મોટાઇના પ્રમાણમાં ભયંકર —કેદખાનું છે; અને તેથી સામાન્ય રીતે લોકો પાપીનો બહિષ્કાર કરવામાં, એને સજા કરવા–કરાવવામાં ધર્મ માને છે. સંતોના અભિપ્રાયો આથી જુદા હોય છે. સંતોની ઇશ્વર વિષેની ભાવના એને પતિતપાવન, અધમોદ્ધારક, દીનબંધુ, કરુણાસાગર તરીકે જોવાની હોય છે, અને એમની ઉપાસના પ્રમાણે એમનામાં પણ એ ગુણ પ્રકટ થાય છે. આથી જે પ્રથમથી જ નીતિને માર્ગે છે, તેના કરતાં જેનાથી ભૂલો થઈ છે, પાપો થયાં છે, તેમના પ્રતિ તેમની દયા–કરુણાનો પ્રવાહ વિશેષ જોરથી વહે છે. એ કોઇને સજા કરવા–કરાવવા ઇચ્છા નથી રાખતો. જેનાથી પાપો થઇ ગયાં છે એનાથી વિશેષ દયાપાત્ર કોણ હોઇ શકે ? અને દયાપાત્રને સજા કેમ ઘટે ? એને તો ક્ષમા–પ્રેમથી જ સુધારવાનો હોય. આવી સંતતા ઈશુની નસોમાં પણ વહેતી હતી.

૭ સમરીયાથી ઈશુ ગાલિલીમાં પોતાને ગામ ગયો. ત્યાં એણે મન્દિરમાં એક ઉપદેશ આપ્યો. એણે લોકોને ઈશ્વરના રાજ્યનો સંદેશો સાંભળવા

નસરતમાં ઉપદેશ–એનો તિરસ્કાર

કહ્યું; પવિત્રતાથી એ રાજ્યના અધિકારી થવા વીનવ્યા. પણ આ અમારી નજર આગળ મોટો થયેલો ઇશુ અમને ડાહી ડાહી વાતો સંભળાવે, અને મર્યમનો દીકરો પોતાને ઈશ્વરનો પુત્ર કહેવડાવે એ નસરતના લોકોથી ખમાયું નહિ. એ ઇશુને મારવાને ઉઠ્યા, અને એને ગામ બહાર કાઢી મુકયો. ‘ પોતાના ઘરના સંતને કોઇ પૂજતું નથી ’ એમ વિચારી ઇશુ કેપરનામ (Capernaum) જઇ કેટલોક વખત રહ્યો.

૮ અહીં બે ત્રણ શિષ્યો એના ઉપર બહુ પ્રેમ રાખનારા હતા. આ ગામમાં એણે ઘણાક ચમત્કારો પણ કરી બતાવ્યા

કેપરનામમાં

હતા. એનો સૌથી પહેલો શિષ્ય સાઇમન ઉર્ફે પિટર આ જ ગામનો રહીશ હતો. એ, એનો ભાઇ અને બીજા બે શિષ્યો અહીંથી એના નિરન્તરના સાથી થયા. આ ભાઇઓના સથવારામાં ઈશુએ

આખા ગાલિલીમાં ઉપદેશ આપવાનું અને રોગો સારા કરવાનું કામ કર્યું.

બીજી વાર યરુસલીમમાં

૯ કેટલાક મહિના પછી વળી યહુદીઓનું એક પર્વ આવ્યું, અને તે વખતે ઈશુ પાછો યરુસલીમ ગયો. ચમત્કારિક રીતે રોગો સારા કરનાર અને ભૂતોને કાઢનાર તરીકે અત્યાર અગાઉ એની કીર્તિ ફેલાઇ ગઇ હતી, અને તેથી એને જોવાને લોકોનાં અને રોગીઓનાં ટોળેટોળાં ભેગાં થતાં હતાં. યરુસલીમના મન્દિરની પાસે એક કુંડ આગળ ઈશુ બેઠો હતો, એટલામાં ૩૮ વર્ષથી પીડાતો એક રોગી ત્યાં આવ્યો. ઇશુએ એને વચનમાત્રથી સારો કરી દીધો અને એને પોતાનો ખાટલો ઉંચકી ઘેર જવા કહ્યું. આ દિવસ વિશ્રાન્તિનો હતો. ઈશુ વિશ્રાન્તિનો દિવસ માનતો નથી, એ નાસ્તિક છે, એમ કહેવાને યહુદીઓને આ પૂરતું કારણ લાગ્યું. રોગીને સારો કર્યો એ તો એક મોટું પાપ થયું જ, તેમાં વળી ખાટલો ઉંચકી જવાનું—એટલે કામ કરવાનું—કહ્યું, એ તો પાપની હદ થઇ. આ ઉપરાંત બીજા પણ વિશ્રાન્તિવારને વિધિસર નહિ પાળવાના એની અને

એના શિષ્યોની ઉપર આરોપો હતા. લોકોએ ઇશુ પાસેથી આ ધર્મભંગ માટે ખુલાસો માગ્યો. ઇશુએ કહ્યું કે "પરમેશ્વર દયાનાં કર્મો હરઘડીએ કર્યાં કરે છે, માટે દયાનાં કર્મો માટે ઇશ્વરના પુત્રને વિશ્રાન્તિવારની બંધી હોઈ ન શકે." આ રીતે ઇશુ પોતાને વારંવાર ઇશ્વરના પુત્ર તરીકે ઓળખાવતો. પણ એક સ્ત્રીના ઉદરમાંથી ઉત્પન્ન થયેલો બેપગો માણુસ આ રીતે ઇશ્વરની સંતતિ હોવાનો દાવો કરે, એ યહુદીઓને મન નાસ્તિકતા અને નફટાઇની નિશાનીઓ હતી. ઇશ્વરનો પુત્ર હાડકાં–ચામડાંનો ન હોઇ શકે, એ માતાના ઉદરમાંથી જન્મ્યો ન હોય, ગરીબને ઘેર ન હોય, એ તો સિંહાસન પર બેસનારો હોય —આવી આવી એમની ધારણાઓ હતી.

૧૦ આ ઉપરાંત ઈશુ આગળ કોઈ પાપી માણુસ આવીને અનુતાપ કરે તો "તારાં સર્વ પાપો નાશ પામ્યાં છે" એમ એ એને આશ્વાસન આપતો. ઇશ્વરને નામે પાપોની માફી બક્ષવાનો ઇશુને શો અધિકાર, એમ યાજકોને લાગતું. આ રીતે ઇશુ તરફ એમનો દ્વેષ દિવસે દિવસે વધ્યો જતો હતો.

૧૧ ધીમે ધીમે ઇશુના અન્તેવાસી શિષ્યોની સંખ્યા વધીને બારની થઇ. તેમાં યહુદા (J‥das)નું નામ ધ્યાનમાં રાખવા જેવું છે, કારણકે આ માણસે જ ઇશુને દગો દઇ મારી નંખાવ્યો હતો. આ બાર શિષ્યો એના સાધુઓ જેવા હતા.

ઇશુનું શિષ્યમંડળ

૧૨ આ રીતે ઇશુનું ઉપદેશ દેવાનું કાર્ય ચાલ્યું. એના વક્તૃત્વથી ઘણા લોકો એને સાંભળવા ખેંચાતા, પણ મોટે ભાગે તો એને હાથે સાજા થવા જ ઘણા લોકો આવતા. ઇશુએ પોતે પણ જોયું કે લોકોને પોતાના શારીરિક રોગોથી છુટવાની અને ઐહિક રાજ્યની જ લાલસા તીવ્રપણે હતી; કોઇ એની પાસેથી આત્મશુદ્ધિનું ઓસડ લેવા ઇચ્છતું ન હતું—ધર્મરાજ્યની પ્રજા થવા ચાહતું ન હતું. પોતાની ગરીબી ધોવા અને રોગો નસાડવા લોકો આતુર હતા, પણ પોતાનાં પાપો ધોવા અને વિકાર નસાડવા કોઇ પરવા રાખતું ન હતું. ઇશુને આથી બહુ ખેદ થતો. એને યહુદીઓનું ભવિષ્ય બહુ ઝાંખું લાગતું હતું. એ ફરિસી અને શાસ્ત્રીઓ

એના ઉપદેશની અસર

ઉપર લોકોને જડ અને અંધશ્રદ્ધાળુ બનાવી મુકવાનો આરોપ મુકતો. ફેરિસી અને શાસ્ત્રીઓ પરના એના પ્રહારો બહુ કડવી વાણીમાં નીકળતા હોય એમ જણાય છે. એ કડવાશની પાછળ હૃદયની જે ખરી બળતરા અને દયાનો ઝરો વહેતો હતો, એની કોઈ કદર કરી શકતું નહિ. અધિકારીઓને એની પ્રવૃત્તિમાં રાજ્યદ્રોહ, ધર્મદ્રોહ, નાસ્તિકતા, નફટાઈ અને આપવડાઈ દેખાતાં; અને બીજા કેટલાક વળી એને ભાવનાઘેલો ગણતા. એની ભાષા રાજકારણી પુરુષોને અનુસરતી હોય એમ લાગે છે. પણ આવી ભાષા આવવાનું કારણ યહુદીઓની પૂર્વમાન્યતા જ હોવાનો સંભવ છે. યહુદી નૌજવાનો સ્વરાજ માટે ઈન્તેજાર હતા અને ઈશુ ધર્મરાજ્યનો ઉપદેશ આપતો હતો; નવયુવકો યહુદીઓના દંડધારી રાજાના અવતારની વાટ જોતા હતા, ઈશુ એમને ધર્મરાજાના અવતારના આગમનની વાતો કહેતો હતો. આને લીધે એની ભાષા રાજકારણને મળતી આવતી. રાજકીય વિપ્લવ પહેલાં ધાર્મિક વિપ્લવને એ અપરિહાર્ય ગણતો હોય એમ પણ સંભવે છે.

૧૩ એની બોલવાની પદ્ધતિ આપણા સંતોની માફક દૃષ્ટાન્તો અને કહાણીઓ આપી આપી ઉપદેશ દેવાની હતી. કહાણીઓ દ્વારા ઉંચામાં ઉંચા ભાવો પણ એ સરળતાથી સમજાવી શકતો.

ઉપદેશ-પદ્ધતિ

પર્વત પરનો ઉપદેશ*

૧ પોતાના બાર શિષ્યોને દીક્ષા આપ્યા પછી ઇશુ તેમને એકવાર એક પર્વત ઉપર લઇ ગયો. ત્યાં જે ઉપદેશ એણે આપ્યો તે એનું સૌથી પ્રસિદ્ધ અને મહત્ત્વનું પ્રવચન છે. પોતાના જીવન-નું સર્વ રહસ્ય એણે એમાં ઠાલવ્યું છે. એનો સાર નીચે આપ્યો છે:

૨ આ સંસારમાં જે દીન, દુ:ખી, નમ્ર, સ્વધર્મના ભૂખ્યા, દયાવન્ત, પવિત્ર મનના અને શાન્તિ તથા સંપને વધારવાવાળા છે તે જ ખરેખરા ધન્ય છે; એ જ મોક્ષના અધિકારી છે; એ જ શાન્તિ પ્રાપ્ત

મોક્ષના અધિકારી

* એ વિષે પાછળ નોંધ જુઓ.

કરી શકવાના છે; એ જ પ્રભુના પુત્ર થવાને લાયક છે; એ જ ધર્મરાજ્યમાં રહી શકશે.

સ્વારાજ્યના અધિકારી

૩ જેને સ્વધર્મના પાલન માટે જુલમ વેઠવો પડ્યા છે તેનું જીવિત ધન્ય છે, કારણકે એ જ સ્વારાજ્યનો અધિકારી છે.

સુદૈવ શું ?

૪ ભાઇઓ, જ્યારે લોકો તમારી નિન્દા કરે, તમારા ઉપર જુલમ ગુજારે, તમારી ઉપર મારે માટે ખોટા આરોપો ચડાવે, ત્યારે તમે પોતાને નશીબદાર સમજજો; કારણકે તેથી તમારૂં શ્રેય જ થવાનું છે. જે જે સંતો થઈ ગયા છે તેમણે તિરસ્કાર અને ત્રાસ વેઠીને જ સંતતા પ્રાપ્ત કરી છે.

આભાસરૂપ સુખો

૫ ભાઇઓ, તમને તમારો પૈસો શાન્તિ નહિ આપી શકે; એનું તમે બળ ન માનશો; કારણકે એ જશે ત્યારે તમારૂં સમાધાન નહિ રહે.

૬ તમારા આજના સુખથી તમે પોતાને નશીબદાર ન સમજશો; કારણકે એ રડવાનો દિવસ પણ લાવશે, અને તે સમયે તમારો આજનો સુખાનુભવ તમારૂં દુ:ખ ઓછું નહિ કરી શકે.

૭ તમે તમારી વાહવાહથી રખે ફુલાતા; કારણકે તેથી તમને સાધુતા પ્રાપ્ત નાહિ થાય.

જગતના પ્રાણ કોણ ?

૮ ભાઇઓ, તમે પોતાને દીન અને દયાપાત્ર ન માનશો. તમે આ જગતનું નીમક છો—પ્રાણ છો. નીમક સ્વાદનું સાર છે, પણ એ જો સ્વાદરહિત થઈ જાય તો માટીમાં ફેંકી દેવા અને પગે ચંપાવા લાયક ગણાય; તેમ તમે તમારૂં સત્ત્વ—નીમક—ખોઇ પગે ચાંપી નાંખવા જેવા થશો નહિ. તમે આ જગતનું નૂર છો. જેમ ટેકરી પર વસેલા શહેરને છુપાવી શકાય નહિ, જેમ મીણબત્તીને ઢાંકણા તળે મુકી શકાય નહિ,—એને તો ગોખલામાં જ મેલવી ઘટે—તેમ તમે તમારા નૂરને જગતમાં નાંખી જગતને પ્રકાશો, કે જેથી પ્રજા તમારાં સત્કર્મોને જુએ અને તમારા પ્રિય પ્રભુનાં યશોગાન ગાય.

ઇશ્વરના અવિચળ નિયમો

૯ ભાઇઓ, એમ ન માનશો કે હું જુનાં શાસ્ત્રોનો ઉચ્છેદ કરવાનો છું. હું તો એનાં રહસ્યોને સમજાવવા અને એનાં તત્ત્વોનું વિશેષ પૂર્ણતાથી પાલન કરાવવા ઇચ્છું છું. ખાત્રીથી માનજો કે જ્યાં સુધી સ્વર્ગ અને પૃથ્વીનું અસ્તિત્વ છે ત્યાં સુધી સ્વર્ગ

પ્રભુના નિયમોના અમલમાંથી છુટવું અશક્ય છે. જે એને અણુભાર પણ તોડશે તે પ્રભુને ત્યાં અણુ જેટલો જ રહેશે. જે એનું પાલન કરશે અને એને જ શીખવશે, તે પ્રભુને ત્યાં પણ મહાન ગણાશે. શિષ્યો, ખાત્રી રાખજો કે જ્યાં સુધી ફરિસી અને શાસ્ત્રીઓનાં શીલથી તમે શીલમાં ચડો નહિ ત્યાં સુધી પ્રભુનું દ્વાર તમારે માટે ઉઘડવાનું નથી.

અહિંસા

૧૦ કદી કોઇનો ઘાત કરવો નહિ એ આદેશ તો તમે જાણો છો. હત્યારો અધોગતિએ જશે એમ તમે માનો છો. પણ હું કહું છું કે કેવળ હત્યા એટલી જ હિંસા નથી. જો તમે તમારા ભાઈ સામે પણ ગુસ્સો કરો, તો હું કહું છું કે તમે નરકના અધિકારી થવાના; જો તમે તમારા ભાઇને ગાળ દેશો, તોપણ તમે અધોગતિને જ પામશો; અને જો તમે એને મૂર્ખ કહેશો, તોપણ તમારે માથે સજા જ ઉભી રહેશે. યજ્ઞની વેદી ઉપર ઉભા રહી બલિદાન ચડાવતી વખતે જો તમને યાદ આવે કે તમને તમારા ભાઈ પર રજ જેટલો પણ ગુસ્સો છે, તો હું કહું છું કે તમે બલિદાન ચડાવતાં અટકી જજો

અને પહેલાં તમારા ભાઇ પાસે જઈ એનું સાન્ત્વન કરી તમારો ભોગ ચડાવજો. તમારા વિરોધી સાથે લડાઇ પતાવવામાં તમે કદી પણ વિલંબ કરશો નહિ.

અવ્યભિચાર

૧૧ વ્યભિચાર શાસ્ત્રાજ્ઞા વિરુદ્ધ છે એ તો તમે સાંભળ્યું છે. પણ હું કહું છું કે જે કોઇ કુદૃષ્ટિથી પરસ્ત્રી સામે જુએ છે તેણે પણ પોતાના મન વડે વ્યભિચાર કર્યો જ છે. ભાઇઓ, જો તમારી જમણી આંખ કદી પાપી રીતે ચંચળ થાય તો તમે તેને તુર્ત ફોડી નાંખજો; જો તમારો જમણો હાથ તમારી પાસે કદી અયોગ્ય વર્તન કરાવે તો તમે તેને તુર્ત કાપી નાંખજો; કારણકે તમારા સત્ત્વની હાનિ કરતાં તમારા શરીરનું એક અંગ ઓછું થાય તો તેમાં ઓછું નુકસાન છે.

વેરની સામે પ્રેમ

૧૨ ભાઇઓ, જેવાની સામે તેવા થવું એ લૌકિક ન્યાય છે; પણ હું તો કહું છું કે દુષ્ટની સામે પણ દુષ્ટતા ન કરશો. પણ જે તમારા જમણા ગાલ પર તમાચો મારે એને તમે ડાબો પણ અર્પણ કરજો. અને જો કોઇ તમારી જોડે કજીયો કરવા આવે અને

તમારૂં પેરણ લેવા માગે તો તમે એને તમારો અંગરખો પણ આપી દેજો. *

સમદષ્ટિ

૧૩ મિત્ર પર પ્રેમ કરવો અને શત્રુનો દ્વેષ કરવો એ લૌકિક નીતિ છે; પણ મારી સલાહ છે કે તમે તમારા શત્રુ પર પણ પ્રેમ કરજો અને કદી કોઇનો દ્વેષ તો કરશો જ નહિ. જે તમને શાપ દે તેનું હિત ઇચ્છજો; જે તમને હેરાન કરે તેના ઉપર ઉપકાર કરજો. એ જ પ્રભુને પામવાનો માર્ગ છે. જેમ સૂર્ય સજ્જન અને દુર્જનને સરખો પ્રકાશ આપે છે અને વરસાદ ન્યાયી અને અન્યાયી પર સરખી રીતે વરસે છે, તેમ, ભાઇઓ, તમારી સદ્‌વૃત્તિ સર્વે પર સમપણે રહેજો. જે તમને ચાહે તેને તમે ચાહો તેમાં વિશેષ શું ?

અપકારનો બદલો ઉપકાર

સ્વાર્થી મનુષ્યો પણ એમ કરે છે. ઉપકારનો જ બદલો વાળવામાં વિશેષ શું ? જંગલી લોકો પણ એટલું કરે છે.

---

* સરખાવો: વેરથી વેરનો નાશ થતો નથી, પણ નિર્વૈરપણાથી જ વેરનો નાશ થાય છે. આ સનાતન ધર્મ છે.—બુદ્ધ

દુષ્ટમતિવાળા પુરુષો પોતાને ગાળો દે અથવા મારે તોપણ તેને ક્ષમા જ કરવી, અને મનમાં પણ તેનું રૂડું જ વિચારવું.—સહજાનન્દસ્વામી

ભાઇઓ, પાછું દેનારને દેવું એ દાન નથી; એ તો પાપી પણ કરે છે. પણ જેની પાસેથી કશું મેળવવાની આશા ન હોય એને જ આપો. કૃતઘ્ન તરફ પણ કરુણા રાખો; કારણકે પ્રભુ એવો જ કરુણામય છે. ભાઇઓ, તમે પૂર્ણ બનો, પૂર્ણ બનો, કારણકે પુરુષોત્તમ પૂર્ણ છે, સર્વે શુભ ગુણોનો ભંડાર છે.

નિર્મત્સરતા

૧૪ કોઇના આન્તરિક ઉદ્દેશો વિષે કલ્પના ન કરો, પણ સર્વેને વિષે ઉદાર-બુદ્ધિ જ રાખો.

શિષ્ય-ગુરુની સમાનતા કેમ થાય?

૧૫ ભાઇઓ, આંધળો આંધળાને દોરી શકે કે? તેમ શિષ્યનું શિષ્યત્વ છે ત્યાં સુધી તે ગુરુ કરતાં ચઢી શકે નહિ; પણ પૂર્ણ થતાં એના જેવો માત્ર થઇ શકે.

સ્વદોષોનો ત્યાગ

૧૬ તમારી આંખમાં કાંકરો પડ્યો હોય ત્યાં સુધી બીજાની આંખમાં પડેલી રજને જોવા ન બેસો; તેને કાઢવા પ્રયત્ન ન કરો; તમારા દોષને જ પહેલાં કાઢો.

મન અને કર્મનો સંબંધ

૧૭ સુવૃક્ષનું ફળ ખરાબ ન હોવું જોઇયે, અને ખરાબ ઝાડ પર સારું ફળ ન પાકી શકે; કારણકે વૃક્ષની જાત એનાં ફળ પરથી જ જણાય છે. તેમ

તમારાં કર્મ અને વાણી તમારા હૃદયને દેખાડનારાં છે.

સચ્છિષ્યનું લક્ષણ

૧૮ તમે મને ગુરુ ગુરુ કહી સંબોધો પણ જો મારા ઉપદેશ પ્રમાણે વર્તો નહિ, તો તમે મને મિથ્યા સંબોધો છો. જે મારા ઉપદેશને અનુસરશે તેનો પાયો ઉંડો અને અવિચળ થશે; જે એ પ્રમાણે નહિ વર્તે તે પાયા વિના ઘર બાંધવા મથનારો છે. એનો સર્વથા નાશ જ છે.

અદંભિત્વ

૧૯ ભાઇઓ, તમારાં સત્કર્મોને છુપાવી રાખજો. તમારા જમણે હાથે કરેલા દાનની ડાબા હાથને પણ જાણ થવા ન દેશો. તમારી પૂજા અને પ્રાર્થનાનો આડંબર ન કરશો. રસ્તા ઉપર અને મન્દિરમાં જઇ તેનો વેશ સર્વને બતાવશો નહિ, પણ તમારા હૃદયના એકાન્ત ખૂણામાં, બારણું વાસી, તમારા પ્રભુને યાદ કરજો. પ્રાર્થના એટલે નકામો

પ્રાર્થના એટલે શું?

લવારો નહિ. ઘણા શબ્દો વાપરવાથી જ પ્રભુને રાજી કરી શકાતો નથી. પણ તમે આ પ્રમાણે પ્રાર્થના કરજોઃ

પ્રાર્થના

૨૦ હે દિવ્યધામવાસી પિતા! તારો જય-જયકાર થાઓ! તારું ધર્મરાજ્ય સર્વત્ર પ્રસરો. તારી આજ્ઞાઓનું સ્વર્ગ અને

પૃથ્વી પર બરાબર પાલન થાઓ. તું અમને અમારો રોજનો જ રોટલો આપજે.* અમને વિકારોમાં લલચાવીશ નહિ, પણ જેમ અમે પણ અમારા ગુન્હેગારોને માફ કરીયે છીયે તેમ તું અમારા ગુન્હા માફ કરજે; કારણકે તારૂં જ ધર્મરાજ્ય, પ્રભુતા અને યશ સર્વત્ર પ્રસરે છે. આમીન.

ઉપવાસ

૨૧ ભાઈઓ, તમે ઉપવાસ કરો ત્યારે પ્રસન્ન મુખ રાખજો, કે જેથી તમે ઉપવાસ કર્યો છે એમ કોઈ જાણે નહિ.

ઇશ્વર અને સેતાન

૨૨ ભાઈઓ, તમે એકીસાથે પ્રભુ અને સેતાનની સેવા નહિ કરી શકો; માટે તમે ધન અને કીર્તિની તૃષ્ણા રાખી, અન્ન અને પ્રાણની ચિંતા કરી, પ્રભુને માર્ગે જઈ નહિ શકો. તમારી ચિંતાથી તમે તમારા શરીરને એક નખ જેટલું પણ પુષ્ટ કરી નથી શકવાના; માટે એની ચિંતા છોડી જ દેજો. જે સર્વનું રક્ષણ કરે છે, જે પશુ, પંખી અને વૃક્ષને પોષે છે તે તમારૂં પોષણ કરશે જ, એવી દૃઢ શ્રદ્ધા રાખજો.

---

* પાછળ નોંધ જુઓ.

શ્રદ્ધાનો મહિમા

૨૩ હે શ્રદ્ધાહીન લોકો, તમે શ્રદ્ધાનો મહિમા સમજતા નથી, અને તેથી જ અન્ન પાણી અને વસ્ત્રની ચિંતા કરો છો. શુદ્ધ બનો તો તમને સર્વ મળી આવશે. શ્રદ્ધાથી માગો એટલી જ વાર છે; શોધો એટલી જ ખોટી છે; પ્રભુનું બારણું ઠોકો એટલો જ તમારે અંદર જવાનો વિલંબ છે. તમારામાંથી કોઈ એવો છે કે જે પોતાના પુત્રને એ રોટલો માગે ત્યારે પથરો આપે? તો પછી તમારો પ્રભુ તમને તમે કલ્યાણકારી વસ્તુઓ માગો તો અનિષ્ટ કરનારી વસ્તુઓ કેમ આપશે?

પ્રભુના ધામનો માર્ગ

૨૪ પણ પ્રભુના ધામમાં પેસવાનો રસ્તો કેડી વાટે છે. નરકના માર્ગો પહોળા અને સર્વત્ર પ્રસિદ્ધ છે, પણ ઇશ્વરના ઘરનો માર્ગ સાંકડો અને શ્રમપ્રાપ્ય છે.

ઉપદેશનું મૂલ્ય

૨૫ જેણે આ ઉપદેશ સાંભળ્યો હશે તેને જરૂર એમ લાગ્યું હશે કે એ કેવળ એક પંડિતનું શાસ્ત્રીય પ્રવચન સાંભળતો ન હતો, પણ જેના રોમરોમમાં પવિત્ર વૃત્તિઓ ભરાઈ રહી છે એવા ભાવવાન હૃદયના નિષ્ઠાયુક્ત ઉદ્ગારો સાંભળી રહ્યો હતો. એ વચનો

ઈશુ ખ્રિસ્ત

સાંભળી મુમુક્ષુ હૃદયને તો જાણે કોઇ દિવ્ય શક્તિનો પોતાનામાં સંચાર થતો હોય એવો અનુભવ થયા વિના રહ્યો નહિ હોય.

પ્રવૃત્તિ—ચાલુ

પતિતપાવનતા

૧ ઈશુના ઉપદેશની કુમાર્ગે ગયેલી સ્ત્રીઓ પર કેટલી અસર થતી હતી, અને તેનું હૃદય એમના પ્રતિ કેટલા દયાભાવથી છલકાતું હતું એનું આ એક દૃષ્ટાન્ત છેઃ

કુલટાનો ઉદ્ધાર

૨ એકવાર ઈશુને એક ફરિસીએ જમવાનું નોતરું દીધું. તે સ્વીકારી ઈશુ એને ત્યાં જમવા ગયો. સર્વે જમતા હતા, એટલામાં એક હલકો ધંધો કરનારી સ્ત્રી આવી અને ઈશુના ચરણને આંસુવડે ધોવા લાગી. પછી પોતાના વાળથી જ પગને લૂછી નાંખ્યા અને એને સુવાસિક લગાડયું. આ સર્વ જોઈને યજમાનને શંકા

થઈ કે આ ઈશુ પયગમ્બર મનાય છે, પણ એ જો ખરો પયગમ્બર હોય તો આ સ્ત્રી કેવી ચાલની છે તેની એને ખબર હોય, અને એને એ પોતાના પગને અડવા દે નહિ. ઈશુ એના હૃદયના કુતર્કને સમજી ગયો અને એને સમજાવવાના ઉદ્દેશથી બોલ્યો:

૩ "સાયમન, ધારો કે એક માણસના બે દેવાદાર છે. એકની પાસે પાંચસોનું લેણું છે અને બીજાની પાસે પચાસનું. બન્ને નાદાર થઈ ગયા છે જાણી એ બન્નેનું દેવું માફ કરે તો એના પ્રતિ કોણ વધારે કૃતજ્ઞ થાય?" સાયમને કહ્યું, "પાંચસોનો દેવાદાર"

લેણદારનું દૃષ્ટાન્ત

૪ ઇશુ બોલ્યો, "ખરી વાત. હવે, આ બાઈને જો. હું તારે ઘેર આવ્યો પણ તેં મને પગ ધોવા પાણી સીખે આપ્યું નહિ. પણ આ બાઈએ મારા પગને પોતાનાં આંસુ વડે ધોયા અને પોતાના કેશથી લૂછ્યા. તું મારે પગે પડ્યો નહિ, પણ આ બાઈ આવી છે ત્યારથી મારા પગને છોડતી નથી. તેં મારા કપાળને પણ સુવાસિક અર્પ્યું નહિ, પણ આ બાઈએ મારા પગને એનો લેપ કર્યો. માટે હું કહું છું કે એનાં

દૃષ્ટાન્તનું તાત્પર્ય

પાપો ઘણાં છે, છતાં એ સર્વે ધોવાઈ ગયાં છે; કારણકે એનો પ્રેમ વિશેષ છે. જેનાં પાપો ઓછાં ધોવાયાં છે, તેનો પ્રેમ પણ ઓછો છે." પછી સ્ત્રી તરફ વળી કહ્યું, "જા બહેન, તારાં સર્વે પાપો માફ થયાં છે."*

ફરિસીઓનો દ્વેષ

૫ પણ ફરિસીઓ ઇશુને સમજી શક્યા નહિ. પાપને માફ કરવાની હિંમત બતાવનાર આ ઉદ્ધત પુરુષ કોણ, એમ એમને થયું, અને એમનો ઈશુ પ્રત્યેનો દ્વેષ વધતો જ ગયો.

શિષ્યાઓ

૬ બાર સાથીઓ ઉપરાંત કેટલીક સ્ત્રીઓ પણ હવે ઇશુ જોડે ફરવા લાગી. એ સર્વ સ્ત્રીઓનું જીવન ઇશુના ઉપદેશથી એટલું શુદ્ધ અને પવિત્ર બન્યું હતું કે જ્યારે ઇશુનો એના શિષ્યોએ પણ સાથ છોડયો ત્યારે એ જ એની પાસે ઉભી રહી હતી.

મલિન દેવતનો આરોપ

૭ પછી ફરિસી લોકો ઇશુના ચમત્કારો વિષે એમ કહેવા લાગ્યા કે એણે મેલી વિદ્યા સાધી છે, અને એ ઈશ્વરનો દૂત નહિ પણ મલિન દેવનો ઉપાસક

---

* 'પાપોની માફી' ઉપર પાછળ નોંધ જુઓ.

છે. આના જવાબમાં ઇશુ એમ કહેતો કે "કોઇ પણ દેવ કે પ્રાણી પોતાની વિરુદ્ધ જાય એવું કાર્ય કરે નહિ. મલિન દેવ ભુતોને અને આસુરી સંપત્તિને મનુષ્યોમાં પ્રેરે પણ એને કાઢે નહિ. હું મલિન દૈવતવાળો હોઉં તો તેની સાહાય્યથી ભુતાદિકને કાઢી શકું નહિ."

માતા અને ભાઇઓની અશ્રદ્ધા

૮ એકવાર ઈશુનો ઉપદેશ સાંભળી એક સ્ત્રી બોલી, "જેની કુખે આવો પુત્ર જન્મ્યો છે અને જેની છાતીએ ધાવ્યો છે તે માતાને ધન્ય છે." પણ જ્યારે અન્ય શ્રોતાઓ ઇશુના ઉપદેશથી આટલા આકર્ષાતા ત્યારે એનાં સગાં મા અને ભાઇઓ એને ચિત્ત-ભ્રમ થયો છે એમ અથવા ભૂતથી પીડાતો માનતાં. ઇશુ આ જાણતો તેથી એણે પેલી સ્ત્રીને કહ્યું, "પણ જે મારાં વચન સાંભળીને પોતાના હૃદયમાં સાચવી રાખે છે, તે એથીયે (મારી માતાથીયે) વધારે ધન્ય છે."

દિવ્યની માગણી

૯ ફરિસીઓની પજવણી દિવસે દિવસે વધતી જ ગઇ. ઇશુ પોતે ખ્રિસ્ત છે એમ એણે કોઇક દિવ્ય પરીક્ષા આપી સિદ્ધ કરી બતાવવું એવી એ માગણી કરવા

લાગ્યા. ઈશુને પોતાના ભાવિની ઝાંખી થતી હોય એમ જણાય છે. એ પોતાના મરણથી જ પોતાની પરીક્ષા આપશે એમ ગૂઢપણે સૂચવતો.

શિષ્યોની ઉપદેશાર્થે રવાનગી

૧૦ તોપણ એનું કાર્ય ચાલુ જ હતું. હવે એ પોતાના શિષ્યોને પણ ઉપદેશાર્થે મોકલવા લાગ્યો. એણે એમને પોતાની સાથે લાકડી, ભાથું, પૈસા કે એકથી વધારે વસ્ત્ર રાખવા મનાઈ કરી હતી. એ લોકો ફરી આવીને પાછા ઈશુને મળતા અને કરેલાં કાર્યનો હેવાલ આપતા.

ફરિસીઓની જડતા

૧૧ એકવાર વળી પાછો તંબુનિવાસ પર્વને સમયે ઈશુ યરુસલીમ ગયો અને મન્દિરમાં ઉપદેશ દેવા લાગ્યો. એના ઉપદેશનો અર્થ જ ફરિસી લોકો સમજી શકતા ન હતા. ઈશુ આત્મનિષ્ઠ હતો, અને આત્મા શબ્દનો ઉચ્ચાર કર્યા વિના પોતાને અજર, અમર, સનાતન કહેવડાવતો હતો. એને સાંભળનારા એને સાડાત્રણ હાથના એક પુતળા તરીકે જ જોતા, અને એટલો જ ઈશુ એમ માનતા. તેથી, જ્યારે એ કહેતો કે "તમે મને શોધી શકવાના નથી, હું રહું છું ત્યાં તમે પહોંચી શકવાના નથી"

ત્યારે લોકો એના શબ્દો સ્થૂળાર્થમાં જ સમજતા અને એ નાસવા–સંતાવા માગે છે એમ ધારતા. એ જ્યારે કહેતો કે "હું યહુદીઓના પૂર્વજોથી પણ પહેલો છું" ત્યારે ફરિસીઓ એને ગાંડો, જુઠો, પૂર્વજોનું અપમાન કરવાવાળો કે નાસ્તિક સમજતા. એ જ્યારે પોતાને પરમેશ્વરનો પુત્ર કહેતો, ત્યારે એને બડાઈખોર માનતા. અને આ કારણથી એ ઝનુની લોકો એના ઉપર ક્રોધથી ઉલટતા અને મારી નાંખવા તૈયાર થતા.

પ્રજાનો રોષ

૧૨ યહુદીયા ભારતવર્ષ ન હતું. જે આધ્યાત્મિક કોટિની વાતો ઈશુ કહેતો તે સમજવા જેટલી શક્તિ ધરાવનાર ત્યાં શ્રોતૃગણ જ ન હતો. ઈશુના શબ્દોમાં જ કહીયે તો એનાં વચનમૌક્તિકો ડુક્કર આગળ વેરાયાં હતાં. એની આધ્યાત્મિક સ્થિતિ એ પ્રજા સમજી શકતી ન હતી, અને ઈશુ એમની વિધિઓ અને રૂઢિઓનું યથાશાસ્ત્ર પાલન કરતો નહિ. એના શિષ્યો વિશ્રાન્તિવાર બરાબર પાળતા નહિ, સર્વે ઉપવાસો કરતા નહિ, જમતાં પહેલાં હાથ ધોવાની કાળજી રાખતા નહિ વગેરે વગેરે એમને મન મહત્ત્વની અને ધાર્મિકતાના આવશ્યક ચિહ્નની

વિગતોની અવગણના થતી, તે એ ઝનૂની અને વહેમી પ્રજા સહન કરી શકતી ન હતી. આવાં કારણોને લીધે ઈશુનો જીવ હવે હર પળે જોખમમાં રહેતો. છતાં ચાર છ મહિના એને ગાલિલીમાં ફરી આવવાનું મળ્યું.

શિષ્યોની ઉણપ

૧૩ હજારો માણસો ઈશુનો ઉપદેશ સાંભળવા આવતા, પણ એનું શિષ્યત્વ સ્વીકારવા થોડા જ આતુર હતા. એ પણ હવે કોઈને પોતાના સાથી કરવા ઇચ્છતો ન હતો. જે પોતાનો ક્રૂસ લઈને ચાલી શકે તે મારા સાથીદાર થઈ શકે એમ એ કહેતો. માનવજાતિ પ્રત્યેના પોતાના પ્રેમની પરીક્ષા એણે મરણથી જ આપવી પડશે, એમ એ વારંવાર સૂચવતો; પણ એનો નિત્ય સહવાસ કરનારા શિષ્યો પણ એને સમજી શકતા નહિ. એ લોકોના મનમાં પણ ઊંડે ઊંડે એમ જ રહ્યું હતું કે ઈશુ મોડા વહેલો યહુદી લોકોનું ભૌતિક રાજ્ય સ્થાપશે. અને તેથી એ રાજ્ય પ્રાપ્ત થયા બાદ એને જમણે હાથે અને ડાબે હાથે બેસવાના એ મનોરથો કરતા. ઈશુ અને જેમની સાથે એ રહ્યો હતો તે બે વચ્ચે આટલો બધો બુદ્ધિભેદ હતો.

ગુરુદ્રોહ

૧ પાછું નિસ્તાર પર્વનું ટાંકણું આવી લાગ્યું અને ઇશુ છેલ્લીવાર યરુસલીમ આવવા ઉપડયો. એણે ઉપદેશ કરવા માંડયા બાદ આ ત્રીજું વર્ષ હશે.

વળી નિસ્તાર પર્વ

એનું વય વધારેમાં વધારે ૩૩ વર્ષનું હશે. એણે આટલા ટુંકા સમયમાં પુષ્કળ આન્દોલન કર્યું હતું. ફરિસીઓ અને યાજકો એના દુશ્મન થઇ બેઠા હતા અને એને મારી નંખાવવા કોઈ પણ ઉપાય લેવા તૈયાર હતા. એના ઉપર બીજા દોષો સાબીત ન થાય, તો છેવટે એને રાજ્યદ્રોહી ઠરાવી સરકાર દ્વારા પણ એનો અન્ત આણવા ઉત્સુક હતા. એટલે એ હેરદના પક્ષના માણસો સાથે ભળી ગયા.

સદુકીઓ એની ઠેકડી કરવામાં મજા માનતા. એના પોતાના શિષ્યો તથા બીજા વગ વગરના લોકોને માત્ર એને વિષે સદ્ભાવ હતો; પણ એમનામાંયે નિર્ભયતા ન હતી અને ઐહિક અભિલાષાઓ સ્પષ્ટપણે રહી હતી.

૨ નિસ્તાર પર્વ શરૂ થાય તેની છએક દિવસ પહેલાં યરૂસલીમ પાસેના બેથનિ (Bethany) નામે ગામમાં ઈશુ અને તેના બાર શિષ્યો આવી પહોંચ્યા અને પૂર્વે ઈશુને હાથે સાજા થયેલા એક માણસને ઘેર એ લોકોએ મુકામ કર્યો.

સત્યની નીડરપણે ઉપાસના

માથે શત્રુઓનું વાદળ ઘેરાઈ રહ્યું હતું, છતાં એને જે સત્ય લાગ્યું તેનો યરુસલીમના મન્દિરમાં જઈ ઉપદેશ કરવાનું એણે છેલ્લા દિવસ સુધી છોડયું નહિ. નિસ્તાર પવ શુક્રવારની સાંજે શરૂ થાય. ગુરુવારને દિવસે પણ એણે યરુસલીમના મન્દિરમા જઈ ઉપદેશ કર્યો. મન્દિરમાં ભરાતાં બજારને વળી ખાલી કરવા એ ફરમાવતો રહ્યો. એમ સમજાય છે કે સદ્બુદ્ધિ અને સદુ ્દા છતાં ઈશુની વાણીમાં તીખાશ વધતી જતી હતી. એનાથી પાપ સહન થતું ન હતું. પાખંડ જોઈ એનું હૈયું ઉકળી રહ્યું હતું, એ પણ એ

તીખાશનું કારણ હોય. પણ તીખાશને લીધે કેટલેક અંશે એ સમભાવ પણ ખોઈ બેઠો.

૩ એનાં આવાં વર્તન માટે યાજકોએ ઈશુ પાસે શાસ્ત્રનો આધાર માગ્યો. ઈશુએ જે જવાબ વાળ્યો તે એની આધ્યાત્મિક સ્થિતિને અનુસરીને હતો. એ શાસ્ત્રોનો શો આધાર આપે? એના શુદ્ધ ચિત્તમાં જે સત્ય લાગતું હતું તે પ્રમાણે એ બોલતો હતો. પણ એની સ્થિતિ સમજવા જેટલી યાજકોની શક્તિ જ ન હતી. એ તો દ્વેષથી ભરેલા હતા. ઈશુને એના જ શબ્દોથી કેમ ફસાવી શકાય એ જ તેઓ શોધી રહ્યા હતા. એમની આગળ ઈશુની જ્ઞાનચર્ચા નકામી જ જતી હતી. છતાં એની લોકપ્રિયતાથી યાજકો ડરતા હતા, અને એને પકડવા ઉપાયો ખોળી રહ્યા હતા. એટલામાં ઈશુનો શિષ્ય જ એમના હાથમાં શસ્ત્ર થવાને ગયો.

ચર્ચાની વ્યર્થતા

૪ એક રાત્રે ઈશુ બેથનિમાં પોતાના યજમાનને ત્યાં બેઠો હતો, એટલામાં એક સ્ત્રીએ આવી સુગંધી અને મૂલ્યવાન અત્તર એના મસ્તક પર રેડ્યું અને એની ખૂબ ભાવથી પૂજા કરી. યહુદાથી આ જોઈ શકાયું નહિ.

ઈશુની પૂજા

તે કહેવા લાગ્યો, “ આ શો બગાડ ! આની સારી કિંમત ઉપજત અને તે ગરીબને આપી શકાત !” ઈશુએ કહ્યું, “ ભાઈ, એની. અભિલાષા પૂરી થવા દે. આ શરીરની પૂજા ફરીથી દાટતી વખતે જ થશે ”

યહુદીઓના રાજા તરીકે જયકાર

૫ એમ લાગે છે કે આ પૂજા કેવળ મૂંગે મોઢે નહિ થઈ હોય. એની સાથે ઈશુનો જયજયકાર બોલાયો હશે, અને કદાચ તે ઘોષણામાં એને યહુદીઓના રાજા તરીકે વિશેષવામાં આવ્યો હશે. કારણકે બીજે જ દહાડે જ્યારે યરુસલીમમાં ખબર પડી કે ઈશુ આવે છે, ત્યારે ઘણા લોકો ઈશુને વાજતે ગાજતે પધરાવવા સામા ગયા, અને મંગળસૂચક ધ્વનિ તથા તાડીનાં પાંદડાંની ધજા ઉડાવવા લાગ્યા અને ‘યહુદીઓના રાજા ઈશુનો જય’ એમ ગર્જના કરવા લાગ્યા.

યહુદાનો મત્સર

૬ યહુદાથી ઈશુને મળતું માન ન દેખી ખમાયું. એનું મન કેટલાક વખતથી ઈશુ વિરુદ્ધ વળ્યું હતું. એણે આ અભિષેક રાજ્યાભિષેકના જેવો જ ગણ્યો. મત્સરથી બળતો તે ફરિસી અને યાજકોને જઇ મળ્યો અને સારું ઇનામ મેળવવાની શરતે ઈશુને એમના

હાથમાં સપડાવવા તૈયારી બતાવી. ફરિસીઓએ આ લાગ તુર્ત જ હાથ કીધો અને એને મોંમાગ્યા દામ ચુકવી આપ્યા. ઈશુ રાજ્યદ્રોહી છે એમ જુબાની આપવા, અને ઈશુને ઓળખાવી પકડાવવા યહુદાએ વચન આપ્યું.

મરવાની તૈયારી

૭ નિસ્તાર પર્વ શરૂ થયા પછી એ પૂરૂં થાય ત્યાં સુધી મનુષ્યહિંસા ન થઇ શકે એવું યહુદી ધર્મનું ફરમાન હોવાથી તુર્તાતુર્ત જ ઇશુનું કાસળ કાઢી નાખવું જોઇયે એમ એના શત્રુઓને લાગ્યું. ઈશુ રાતવાસો બેથનિમાં અથવા આજુબાજુના ડુંગરાઓમાં કરતો. એના શિષ્યો એની સાથે જ રહેતા. એને માથે મોત ઝઝુમે છે એમ એ સારી પેઠે જાણતો હતો. એ રાત દિવસ ઇશ્વરચિંતનમાં જ ગાળવા લાગ્યો. આ સંકટમાંથી બચાય તો સારૂં એમ એને લાગી આવતું, પણ 'ઇશ્વરેચ્છા'ને આધિન થવા એ તૈયારી કરતો હતો.

છેલ્લું ભોજન

૮ ગુરુવારે સાંજે ઇશુ એના શિષ્યો સહિત યરુસલીમમાં જ એક ભક્તને ત્યાં ગયો. બીજી સાંજથી વ્રતો શરૂ થાય માટે આગલી રાત્રે ઉજાણી કરવાનો રિવાજ હોય

એમ લાગે છે. ભકતને ત્યાં સર્વે જમવા બેઠા. યહુદાના મનમાં કપટ છે એમ ઇશુ ચેતી ગયો હતો, અને તે એણે જમતાં જમતાં કહી પણ બતાવ્યું. સર્વે શિષ્યોને સાવધાન અને વફાદાર રહેવા ચેતવ્યા. શિષ્યોની અડગતા વિષે કાંઈક અણુવિશ્વાસ પણ સૂચવ્યો. એટલે અગ્રગણ્ય શિષ્ય પિટર બોલી ઉઠ્યો કે "બધા બેવફા થાય, પણ હું તો ન જ થાઉં." પણ ઇશુએ ભવિષ્ય ભાખ્યું કે "કુકડો બોલે તે પહેલાં ત્રણ વાર તું મારા સાથીપણાનો ઈન્કાર કરીશ."

ટેકરી પર

૯ એ રાત્રે ઈશુ શહેર બહાર ઑલિવની ટેકરી પર પ્રાર્થના કરવા ગયો. સાથે પિટર અને બીજા શિષ્યો રાખ્યા. એણે શિષ્યોને કહ્યું, "મને હવે કશું ગમતું નથી. જીવન એટલું નીરસ લાગે છે કે કદાચિત પ્રાણ નીકળી જાય; માટે હું પ્રાર્થના કરૂં ત્યારે મને સંભાળજો." પ્રભુની ઈચ્છાને પ્રતિકૂળ ન થવાતું હોય તો માથે ઝઝુમતાં સંકટમાંથી એણે ઉગરવા પ્રાર્થના કરી. થોડી વાર પ્રાર્થના કરી વળી શિષ્યો આગળ આવ્યો, તો તે ઉંઘતા હતા. ઇશુએ તેમને જગાડ્યા અને રાત્રિ પ્રાર્થનામાં વીતાડવા વીનવ્યા. પાછો એ પ્રાર્થનામાં

લાગ્યો, અને શિષ્યો પાછા ઊંઘમાં પડ્યા. એમ ત્રણ વાર થયું, અને ત્રીજી વાર પણ શિષ્યોને ઊંઘતા જોઈ તે બોલ્યો, "તમારી નિદ્રા શાન્તિમય થાઓ. તમારો સાથી હવે વિરોધીઓના હાથમાં પકડાય છે."

૧૦ એમ કહે છે એટલામાં યહુદા એક હથીયારબંધ ટોળી સાથે ત્યાં ચડી આવ્યો. ટોળીના મુખીને એણે કહ્યું કે જેના હાથને હું ચુમ્બન કરૂં તેને પકડી લેવો. એમ કહી, ઈશુ પાસે આવી એને ચુમ્બન કર્યું. ઈશુએ કહ્યું, "ભાઈ, તારૂં કામ કરી લે." ટોળાંએ એને પકડી લીધો. પિટર એટલામાં જાગી ઉઠ્યો અને પહેલા આવેશમાં તલવાર ખેંચી કાઢીને મહાયાજકના નોકર પર ઉગામી. એથી નોકરનો કાન ઉડી ગયો. આ જોઈ ઈશુ બોલ્યો, "ભાઈ તારી તલવાર મ્યાન કર; કારણકે જે તલવાર ઉગામશે તે તલવારથી જ મરશે. હું બાર લાખ ફિરસ્તાઓને મારા રક્ષણને માટે બોલાવી શકું એમ છું, પણ એ રીતે મારે બચવું નથી. મારૂં મરણ જ મારી સેવા છે." પછી ટોળાં તરફ ફરીને કહ્યું, "આ નકામી ધમાલ શું કામ મચાવી? મન્દિરમાં જ

ધરપકડ

તમે મને પકડી શકતા હતા. આટલાં ટોળાંની શી જરૂર હતી? હું કાંઇ ધાડપાડુઓનો સરદાર છું?" પણ આટલી વારમાં પેલા અન્તેવાસીઓ પલાયન થઈ ગયા.

ક્રૂસારોહણ

---

૧ ઇશુને મહાયાજકને ઘેર લઇ ગયા. ત્યાં એકોતેરી સભા આગળ એના ઉપર

તપાસ

મુકદ્દમાનો ઢોંગ ચાલ્યો. એના શિષ્યો પૈકી માત્ર પિટર જ એ તપાસનું પરિણામ જોવા ગયો હતો, પણ એ પણ અધિકારીઓમાં જઇને બેસી ગયો હતો અને સગડીએ તાપતો બેઠો હતો. ઘણીવારે બે સાક્ષીઓ ઇશુ સામે જુબાની આપવા ઉભા થયા. તેમણે કહ્યું કે " ઇશુએ કહેલું કે હું પ્રભુનું મન્દિર તોડીને બીજું ત્રણ દિવસમાં નવું કરી શકું." આ સાંભળી મહાયાજકે ઇશુને પૂછ્યું, " કેમ, આ ખરૂં છે કે ? " ઇશુએ કશો જવાબ આપ્યો નહિ.

૨ ત્યારે મહાયાજકે કહ્યું, "હું તને ઈશ્વરની આણ આપીને મારા આ પ્રશ્નનો ઉત્તર આપવા કહું છું. બોલ, તું શું ઇશ્વરનો અભિષિક્ત પુત્ર છે ?"

પ્રભુનો અભિષિક્ત પુત્ર

ઇશુએ કહ્યું, "તમારા શબ્દો સાચા છે. હવે તમે મને પ્રભુને જમણે હાથે બેઠેલો જોશો."

૩ આ સાંભળતાં જ મહાયાજક બોલી ઉઠયો, "જુઠો! નિંદાખોર! બસ, હવે વિશેષ સાક્ષીનું શું કામ છે? એણે અહીં જ ઇશ્વરનો દ્રોહ કર્યો છે."

ગુન્હો પૂરવાર

૪ સર્વે સભાએ ઇશુ પર ફિટકારનો વરસાદ વરસાવ્યો. કોઇ મોં ઉપર થુંકયા, કોઇકે તમાચા માર્યા અને કોઈ ઠેકડીપૂર્વક પૂછવા લાગ્યા, "તું ખ્રિસ્ત હોય તો કોણે તને પાછળથી ટપલો માર્યો તે કહે."

ફિટકાર

"એને મારી નાંખો, મારી નાંખો." એવી સર્વે બૂમ પાડી ઉઠયા.

૫ આટલો વખત પિટર શું કરતો હતો? મહાયાજકની એક નોકરડીએ એને સગડી આગળ તાપતો જોઇ કહ્યું, "આ તો ઇશુનો સાથીદાર છે!" પિટરે કહ્યું,

પિટરની કાયરતા

"તું શું ખોટું બોલે છે! હું તો એને જાણતો પણ નથી."

એ બહાર નીકળ્યો, ત્યાં બીજી દાસીએ પણ એ જ આક્ષેપ કર્યો. વળી એ બોલ્યો, "આ શો જુલમ! હું કાંઈ જાણતોયે નથી!"

અને વળી ત્રીજી વાર એણે સોગંદ લઈ કહ્યું, "હું એ માણસને મુદ્દલે ઓળખતો નથી."

તરતજ કૂકડો બોલ્યો અને પિટરનું ચિત્ત જાગ્રત કરી ગયો. ઈશુએ આ સર્વ જોયું હતું. પિટર શરમાઈ ગયો. ત્યાંથી એ મોઢું છુપાવી નાઠો અને ખૂબ રડ્યો. એને અત્યંત પશ્ચાત્તાપ થયો.

સુબા પાસે રવાનગી

૬ આ સભાને દેહાન્ત દંડ કરવાની સત્તા ન હતી. પણ એ દેહાન્ત દંડને યોગ્ય છે એવું ઠરાવી, એ ઈશુને સુબા કને મોકલી શકતા હતા. વળી, નિસ્તાર પર્વની શરૂઆતને દિવસે યહુદીઓ પોતે નરહિંસા કરવા ખુશી ન હતા, માટે રોમન સુબાની મારફતે પરભારૂં ઈશુનું નિકંદન થાય તો સ્મૃતિની આજ્ઞા પળે એવી પણ ઇચ્છા રહી હતી. આ વિચારથી એકાતેરીએ ઈશુને બાંધીને સુબા પાસે મોકલી દીધો.

---

* 'પિટરનો પશ્ચાત્તાપ' ઉપર પાછળ નોંધ જુઓ.

એને ઘેર પહોંચતાં સુધી રસ્તામાં ઈશુ ઉપર અત્યન્ત નિર્દય વર્તન ચલાવવામાં આવ્યું.

યહુદાનું પ્રાયશ્ચિત્ત

૭ દરમીયાન પેલા યહુદાને એકાએક પશ્ચાત્તાપ ઉદ્ભવ્યો. એક કેવળ નિર્દોષ નહિ, પણ પોતાની ઉપર જેના અનેક ઉપકારો થયેલા, જેની જોડે એ એક ભાણામાં બેસીને જમેલો, જેણે એને અનેકવાર છાતી સાથે ચાંપેલો, તે પોતાના કૃપાળુ ગુરુને પશુ જેવા માણસોના હાથમાં સોંપી દીધો, એ વિચારે એના હૃદયને કોતરી નાખ્યું. એ સભાસદો પાસે ગયો અને પોતાનું ઇનામ પાછું આપવા માંડયું. એ ઈશુને માટે કરગરવા લાગ્યો. પણ સભાસદો કહેવા લાગ્યા, " હવે અમને શું? તારૂં પાપ તું જાણે!" યહુદાને એટલો શોક થયો કે એણે ફાંસો ખાઇ આપઘાત કર્યો.

પાપક્ષેત્ર

૮ યાજકોએ લાંચના પૈસા પાછા લીધા, પણ પાપના પૈસા પાછા ખજાનામાં નાખતા અચકાયા. એ પૈસામાંથી એક ખેતર વેચાતું લેવામાં આવ્યું અને તેને પરદેશીઓના શબ દાટવા મહાજનને સોંપ્યું. પાપના પૈસામાંથી લીધેલું એ ખેતર 'પાપક્ષેત્ર'ને નામે પ્રસિદ્ધ થયું.

૯ સુબા પાસે ઈશુની તપાસ ચાલી. મહાયાજક અને યાજકોએ ઈશુની વિરુદ્ધ જુબાનીઓ આપી. પણ ઈશુએ બચાવમાં એક શબ્દ પણ કહ્યો નહિ. સુબાએ

સુબા પાસે તપાસ

તેને પૂછ્યું, "તું પોતાને યહુદીઓનો રાજા કહેવડાવે છે એ વાત ખરી કે?"

ઈશુ બોલ્યો, "આ તારો આરોપ છે કે તું બીજાના કહેવાથી મુકે છે?"

સુબાએ કહ્યું, "હું થોડા જ જાણું છું! તારી જાતવાળા જ આમ બોલે છે, અને તને મારી પાસે લાવ્યા છે."

આ ઉપરથી ઈશુએ તેને સમજાવ્યું, "હું જે રાજ્ય વિષે બોલું છું તે પૃથ્વીનું ભૌતિક રાજ્ય નહિ, પણ પ્રભુનું આધ્યાત્મિક રાજ્ય છે. હું સત્યનો સાથી છું, સત્ય માટે મારો જન્મ છે અને સત્ય ધર્મનો હું રાજા છું."

૧૦ આ સાંભળી સુબો યહુદીઓ ભણી વળ્યો. એને ઈશુ કેવળ નિર્દોષ માલમ પડ્યો, અને તે છતાં એણે કાંઈ ધર્મભંગ કર્યો હોય તો નિસ્તાર પર્વને

છુટારાથી પણ હલકો

ટાંકણે એક યહુદીની શિક્ષા માફક રવાના રિવાજ મુજબ એ ઇશુને છોડી દેવા ઇચ્છતો હતો. પણ યહુદીઓ પોકારી ઉઠયા, "નહિ, એને નહિ. બારાબાસને છોડો." આ બારાબાસ એક લૂંટારો હતો.

હેરદ પાસે

૧૧ સુબો નાઇલાજ થયો. એણે આ ખટપટમાંથી છુટવા બીજી યુક્તિ રચી. એને ખબર પડી કે ઇશુ ગાલિલીનો વતની છે. ગાલિલીના લોકો ઉપર હેરદનો અધિકાર હોવાથી એણે ઇશુને એની પાસે મોકલવા ઠરાવ્યું. હેરદ આ વખતે યરૂસલીમમાં જ હતો.

ચમત્કારની માગણી

૧૨ હેરદે ઈશુ વિષે બહુ સાંભળ્યું હતું. એણે ઇશુને ચમત્કાર કરી બતાવવા કહ્યું, પણ ઇશુએ તેની ઇચ્છા પાર પાડી નહિ. એણે પોતાની પત્નીના આગ્રહથી જાનનો શિરચ્છેદ કરાવ્યો હતો, પણ ઇશુએ એનો કશો અપરાધ કર્યો ન હતો. એટલે એણે ઇશુની ઠેકડી કરવાના ઇરાદાથી એના શરીર પર એક જુનો શાહી પોષાક નાખી એને સુબા પાસે પાછો બાંધી મોકલી દીધો.

૧૩ સુબાએ યહુદીઓને પોતાની હઠ છોડવા વળી વીનવ્યા. એણે એમને ખુશ કરવા ઇશુને ફટકાની શિક્ષા કરી. એના શિર ઉપર કાંટાનો તાજ કરીને પહેરાવ્યો. લોકો સમક્ષ ઉભો કરી, 'જય, યહુદીઓના રાજા, જય' કહી તમાચા અને મુક્કા માર્યા અને એટલેથી ઇશુને જતો કરવા ઇચ્છા દર્શાવી.

ફટકાની શિક્ષા અને અપમાન

૧૪ પણ લોકો તો ઝેરી થયા હતા. એમણે એક સરખી 'ઇશુને ક્રૂસ પર ઠોકી દો, ક્રૂસ પર ઠોકી દો' એવી રાડો ચલાવી. આથી સુબો ચિંતાતુર થયો. એને માફ કરવાનો અધિકાર તો હતો જ. પણ યહુદીઓ કહેતા, " તું બાદશાહનો વફાદાર નોકર હોય તો ઇશુને ક્રૂસ ઉપર ચડાવી દે." ઇશુ ઉપર રાજા કહેવડાવવાનો આરોપ હતો. સુબો પોતે બાદશાહનો કાંઇક અળખામણો થઇ પડ્યો હતો. એકોતેરી સભાની ઇચ્છા વિરુદ્ધ એક રાજ્યદ્રોહીને છોડી દે, તો મહાયાજક વગેરે વગવાળા લોકો એની ઉપર બાદશાહની ખફામરજી વધારાવે, એનો એને ભય હતો. તોપણ એણે લોકોને કહ્યું, " હું તમારા રાજાને કેમ મારું ?" લોકો ઉશ્કેરાઇ ગયા. એ

લોહીતરસ્યા જાતિબંધુઓ

બોલ્યા, “ બાદશાહ સિવાય અમારે કોઈ બીજો
રાજા નથી.”

૧૫ છેવટે યાજકોની લાગણીને વશ થઈ
સુબાએ ઈશુને મારાઓને સોંપ્યો.
દેહાન્ત દંડ ગ્રીક, લાટીન અને હિબ્રુ ભાષામાં
‘યહુદીઓનો રાજા, નસરતનો રહીશ ઈશુ’ એવા
શબ્દોવાળું એક પાટીયું તેના ક્રૂસ પર લટકાવવા
સુબાએ લખી આપ્યું. યાજકોએ આ શબ્દો સામે
વાંધો ઉઠાવ્યો. તેમણે ‘રાજા’ની પછી ‘કહેવડાવનારો’
શબ્દ ઉમેરવા કહ્યું. પણ સુબાએ કહ્યું કે “લખાયું
તે લખાયું. ” *

૧૬ ઈશુ મારાઓની સાથે લાકડાનો એક મોટો
ક્રૂસ ઉપાડીને વધભૂમિ તરફ ચાલ્યો.
ક્રૂસારોહણ લોકોનું ટોળું એની મશ્કરી કરતું,
મારતું, અપમાન કરતું, એના ઉપર થુંકતું પાછળ
ગયું. કપાળ, છાતી, બે હાથ અને પગ ઉપર લાંબા
ખીલા ઠોકવામાં આવ્યા અને ક્રૂસને ઉભો કરવામાં
આવ્યો. એનાં કપડાં મારાઓને ઈનામમાં મળ્યાં.
તે જ દિવસે બે ચોરોને પણ એ જ શિક્ષા થઈ હતી.
એ બન્નેના ક્રૂસ એની બે બાજુએ ઉભા થયા.

---

* ‘પાટીયું ’ ઉપર પાછળ નોંધ જુઓ.

સ્મશાનના મિત્રો

૧૭ એના ક્રૂસ પાસે કોણ ઉભું હતું ? એની મા, માશી અને બીજી બે સ્ત્રીઓ, તથા બાર પૈકી એક જ શિષ્ય જાન એના સ્મશાનના મિત્રો થયા હતા. પ્રાણ જતાં પહેલાં ઇશુએ જાનને એની માતાની સંભાળ લેવા ભલામણ કરી. એનું ગળું સુકાતું હતું. સ્ત્રીઓએ ઉંચે ચડી એના ગળામાં દ્રાક્ષારસ રેડ્યો.

છેલ્લા શબ્દો

૧૮ કેટલાક કલાક સુધી તીવ્ર વેદના ભોગવી ‘હે પ્રભુ, તું મને છોડી દઇશ નહિ’ એમ બોલતાં બોલતાં તેણે પોતાના પ્રાણ છોડી દીધા.

ઉપસંહાર

૧૯ એના બલિદાનની અસર ભારે થઇ. જો કે એને પોતાનો કહેવાની હિંમત તે વખતે બે ચાર સ્ત્રીઓ અને જાન સિવાય કોઇ તે સમયે બતાવી શક્યું નહિ, તો-પણ એના મરણ પછી એના શૌર્યનો વારસો એના અનુયાયીઓમાં ઉતર્યો વિના રહ્યો નહિ. એણે વાવેલું નવયુગનું બીજ ફાલીને ભારે મોટું વૃક્ષ થયું. એના મરણ પછી ઘણા યહુદીઓ પણ ખ્રિસ્તી થયા અને ઘણાઓએ સત્યને માટે પ્રાણાર્પણ કર્યો. જે સામ્રાજ્યસત્તાએ એને દેહાન્ત દંડ ફરમાવ્યો તે

સત્તા પણ એ નવા ધર્મમાં લીન થઇ ગઇ. યહુદીઓના એક રીતે હાલહવાલ થયા. એ દેશ વિનાના ભટકતા થઇ ગયા. પણ બીજી રીતે એમનોચે વારસો કાંઇ નાશ પામ્યો નહિ. ધન, તીર્થ, વિધિઓ અને દ્વેષની એમની જડ ઉપાસના ખ્રિસ્તીઓમાં ઉતરી રહી. બે સંપત્તિ વચ્ચેની લડાઇ આળસી નહિ જ. યરુસલીમનું તીર્થસ્થાન, જે ક્રૂસ પર ઈશુનો પ્રાણ ગયો તે લાકડું, ક્રૂસનો આકાર, એ સર્વે પૂજ્યતાને પામ્યાં. પછીના કાળમાં એ જડ પૃથ્વીના કટકા ઉપર સત્તા મેળવવા અનેકવાર લોહીની નદીઓ વહી અને હજુ એ જગ્યા માટેના ઝગડા મટ્યા નથી. પણ એનો ઉપદેશ! એની સત્યોપાસના! એનું ધર્મરાજ્ય! સર્વેને પ્રભુના ધામમાં પહોંચવું છે. પણ કેવી રીતે? પોતાના વિકારોનો નાશ કર્યા વિના, ઇન્દ્રિયો અને મનને જીત્યા વિના, ચિત્તને શુદ્ધ કર્યા વિના, ભોગોના ત્યાગ વિના, સ્વાર્થવૃત્તિને અને વિલાસની તૃષ્ણાને છોડયા વિના, જ્ઞાન વિના, પુરુષપ્રયત્ન વિના, નિરહંકારિતા વિના કેવળ કોઈ બીજો સ્વર્ગમાં લઈ જાય તો તેમાં કુદકો મારી દેવાની ઇચ્છા છે! સંત થયા વિના આપણને સંતની સાથે બેસવું છે એ કેમ બનશે?

જેમ ઉષ્ણતા વિના અગ્નિપણું સંભવે નહિ તેમ સંતતા વિના શાન્તિ ન જ મળે. જેમ પોતાની ભૂખ ભાગવા પોતાનાં જ જડબાં હલાવવાં પડે તેમ પોતાનો ઉદ્ધાર પોતા વડે જ થવાનો. પોતે સંતતા પ્રાપ્ત કર્યા વિના પ્રભુનું ધામ ન જ મળે, એ સત્ય જ્યાં સુધી આપણા હૃદયમાં ઠસે નહિ ત્યાં સુધી પોતાના ઇષ્ટ દેવપરની તારક તરીકેની અખૂટ શ્રદ્ધા પણ મૂઢપણાની જ રહેવાની. સંતોનાં ચરિત્રો સંતતા પ્રાપ્ત કરવા માટે માત્ર માર્ગદર્શક છે. ઉદ્ધાર પોતે સંત થવામાં છે; સંતની મૂર્તિઓ કે એમની પ્રસાદીનાં સ્થાનો કે ચીજોને કેવળ પૂજવામાં નથી. સંતની કેવળ પૂજા એ બસ નથી. સંત પ્રિય બને, એ વહાલો બની જાય, એના ગુણો સાથે એ આપણા હૃદયમાં નિવાસ કરે, એની અને આપણી વચ્ચે અન્તર ન રહે, તો જ એનું જીવન સાર્થક, આપણો મોક્ષ અને જગતનું કલ્યાણ. એ સંતતાનો સર્વત્ર વિસ્તાર થાઓ.

નોંધ

સાધના

પા. ૧૬: પયગમ્બર અને ખ્રિસ્ત—પયગમ્બર અને ખ્રિસ્ત વચ્ચે ભેદ મનાય છે. પયગમ્બર એટલે ઇશ્વરનો પયગામ—સંદેશો—કહેનાર. એના હૃદયમાં ઇશ્વરી નિયમો, આજ્ઞાઓ અને ઇચ્છાઓની પ્રેરણા થાય છે. એ પ્રેરણા કેમ થાય છે તે એ જાણતો નથી, પણ તે અવાજ એ પ્રજાને સુણાવે છે. ખ્રિસ્તનો શબ્દાર્થ અભિષિક્ત થાય. આર્ય ભાવનામાં સમજાવીએ તો ઇશ્વરથી વસાયેલો—ઇશાવાસ્ય એવો અર્થ થાય. એ ઇશ્વરને નામે જ—ઇશ્વરનો માત્ર પયગામ જ—નથી કહેતો. એ એનો પોતાનો આદેશ સુણાવે છે. એ કહે છે કે હું જે કહું છું તે જ ઇશ્વરી આજ્ઞા અને ઇચ્છા છે, કારણકે હું તે મારા અનુભવથી જાણું છું. શ્રુતિના ઋષિ અને સ્મૃતિકાર વચ્ચે જે ભેદ છે તેવો કાંઇક ભેદ આ બે શબ્દો વચ્ચે કહી શકાય.

પ્રવૃત્તિ

પા. ૨૦: ચમત્કારો—જુના કાળના સંતપુરુષોનાં જીવનચરિત્રો ચમત્કારોનાં વૃત્તાન્તોથી ભરપૂર હોય છે. અજ્ઞાન પ્રજા અને વ્યવહારની દૃષ્ટિએ બુદ્ધિશાળી પણ અત્યન્ત સાંસારિક તૃષ્ણાઓથી ભરપૂર માણસો ચમત્કાર કરવાની શક્તિ એ સંતતાનું આવશ્યક લક્ષણ લેખે છે. ધનલોભી રાજાઓ કરામત ન કરી બતાવે તે સંતોને ઢોંગી કહી પીડતા પણ ખરા. ચમત્કારોની હકીકતોમાં કેટલો સત્યાંશ છે એ જાણવાનું થોડા દિવસમાં જ કઠણ થઇ પડે છે, કારણકે એ હકીકતોની વેલી એટલી ઝપાટાબંધ ફેલાય છે, અને એનાં ફળ પાછળથી એટલાં બધાં વિવિધ અને રસપૂર દેખાડવામાં આવે છે કે મૂળે બીજ પણ હશે કે નહિ એવી શંકા સહેજે ઉત્પન્ન થાય છે.

ચમત્કારોની વાતો કેવળ ખોટી જ એમ માનવું એ અશ્રદ્ધાનો છેડો છે. દરેક ચમત્કારિક વાતને ગળે ઉતારી લેવી એ અંધશ્રદ્ધાનો છેડો છે. કેટલાક ચમત્કારો સંતોનાં સત્ય, અહિંસા વગેરે યમોના પાલનના તથા અપરિમિત મૈત્રી અને કરુણાના સહજ પરિણામ રૂપે થઇ જાય છે; કેટલાક યોગાભ્યાસની સિદ્ધિ રૂપે હોય છે; કેટલાક ભાવિક લોકોની શ્રદ્ધાને લીધે જ બની આવે છે; અને કેટલાક કેવળ વહેમી માણસોની ભ્રમણામાં જ જણાય છે. એ સિવાય પાછળના અનુયાયીઓની કલ્પનાશક્તિ કેટલાક ચમત્કારોનું આરોપણ

કરે છે. આમાંથી પહેલા બે પ્રકારના ચમત્કારોમાં સત્યાંશ હોઇ શકે છે.

પણ ચમત્કારોની વાતો સત્ય હોય કે અસત્ય, એ સંતતાનું આવશ્યક લક્ષણ નથી, એટલું જ નહિ પણ સંતો પોતે ચમત્કારો તરફ અણગમાની દૃષ્ટિએ જ જુએ છે. ચમત્કારો કરવાની વૃત્તિ શરૂઆતમાં જણાય તોપણ ધીમે ધીમે એ વૃત્તિ ગૌણ પડી જઇ છેવટે તદ્દન નાબુદ થઇ જાય છે, એવું દરેક સાધુપુરુષના જીવનનો અભ્યાસ કરતાં માલુમ પડી આવશે. પોતા દ્વારા થયેલા અથવા પોતામાં આરોપાતા ચમત્કારો માટે કોઇ સંતોને મોહ નથી થતો, અને એ ચમત્કારો બંધ પડે એવી જ એમની વૃત્તિ હોય છે. આનું કારણ સ્પષ્ટ છે. ચમત્કારોની વાતો સ્થૂળ પદાર્થોમાં જ ફેરફાર થતો દેખાડે છે. આંધળાને આંખો આપી શકાય અને લંગડાને ચાલતો કરી શકાય; બે રોટલીથી બસેં માણસને જમાડી શકાય અને રણ વચ્ચે પાણી વહેવાવી શકાય તેથી શું? એ ચમત્કારોથી જે સુખ થાય છે તે ટકે એવું નથી હોતું. એથી જેને એ પ્રાપ્ત થાય એ શાન્તિ ભોગવે અથવા પુણ્યશીલ થાય એમ પણ ખાતરી નથી હોતી. મુએલાને જીવતો કરે તેને પણ પાછું મરવું તો પડે જ છે. સંતોને એ સુખ આપવામાં શો રસ લાગે? પાપીને પુણ્યશાળી બનાવવાની, તૃષ્ણાવાનને વૈરાગ્યશીલ બનાવવાની, લોભીને સંતોષી બનાવવાની, વિષયીને નિષ્કામ કરવાની જો કોઇ તત્કાળ ફળ આપનારી કરામત હોય તો

સંતો એ સિદ્ધિને ખુશીથી સ્વીકારે. પણ એ વૃત્તિઓને નિર્માણ કરવાનો કોઈ ચમત્કારિક ઇલાજ હજુ સુધી સંતોને હાથ લાગ્યો જણાતો નથી. એને માટે તો સંતો કેવળ ખાતર અને પાણીની ગરજ સારી શકે છે. જ્યાં એ વૃત્તિ મૂળમાં હોય ત્યાં તેને પોષણ આપી શકે છે, વધારી શકે છે; યોગ્ય ક્ષેત્રમાં એનું બીજ પણ નાખી શકે છે. પણ જ્યાં એ વૃત્તિ જ ન હોય અને ક્ષેત્ર પણ અનુકૂળ ન હોય ત્યાં એમનો ઇલાજ ચાલતો નથી. એ વિચારીને જ સંતો અન્ય ચમત્કારો પ્રત્યે ઉદાસીન થઈ જાય છે. ઈશુ ખ્રિસ્તનું જીવન પણ એ જ સાક્ષી પૂરે છે.

ચમત્કારો એ અવતારોના અવતારીપણાનું આવશ્યક અંગ ન હોવાથી એવી વાતોનો આ ચરિત્રોમાં સમાવેશ કર્યો નથી. ચમત્કારો સાંભળીને જે મનુષ્ય કોઈને અવતારી પુરુષ માને છે તે અવતારિત્વનું રહસ્ય સમજતો જ નથી.

પા. ૨૩: **સંતદૃષ્ટિ**—સર્વત્ર સંતોની દૃષ્ટિ આ પ્રમાણે જ હોય છે. તુકારામ મહારાજ કહે છે:—

पवित्र तें कुळ पावन तो देश। जेथें हरिचे दास घेती जन्म ॥१॥
कर्म धर्म त्याचे जाला नारायण। त्याचेनी पावन तिन्ही लोका॥२॥
वर्ण अभिमाने कोण जाले पावन। ऐसें द्या सांगून मजपाशीं ॥३॥
अंत्यजादि योनि तरल्या हरि भजनें। तयाचीं पुराणे भाट जालीं॥४॥
वैश्य तुळाधार गोरा तो कुंभार। धागा हा चांभार रोहिदास ॥५॥
कबीर मोमीन लतिफ मुसलमान। सेना न्हावी जाण विष्णुदास॥६॥

कान्होपात्र खोदु पिंजारी तो दादु । भजनीं अभेदु हरिचे पायीं ॥७॥
चोखामेळा वंका जातीचा माहार । त्यासी सर्वेश्वर ऐक्य करी ॥८॥
नामयाची जनी कोण तिचा भाव । जेवी पंढरिराव तियेसवें ॥९॥
मैराळ जनक कोण कुळ त्याचें । महिमान तयाचें काय सांगो ॥१०॥
यातायाती धर्म नाहीं विष्णुदासा । निर्णय हा ऐसा वेदाशास्त्रीं ॥११॥
तुका म्हणे तुम्ही विचारावे ग्रंथ । तारिले पतित नेणों किती ॥१२॥

પા. ૨૪: સમરીયાણીની શુદ્ધિ—સંતોની નિરન્તર આ જ રીત હોય છે. જુઓઃ—

અજામિલ, ગીધ, વ્યાધ, ઇન મેં કહો કોન સાધ:
પંછિહૂં પદ પઢાત, ગનિકાસી તારી;
દીનન દુઃખહરન દેવ, સંતન હિતકારી.
(તુલસીદાસ)

પા. ૩૨: પર્વત પરનો ઉપદેશ—આ ઉપદેશનો અત્રે અક્ષરશઃ અનુવાદ આપવાનો ઉદ્દેશ નથી. ગુજરાતી વાણીમાં શોભે અને આર્ય ભાવનાઓમાં સમજાવી શકાય એવી શૈલીમાં એનો ભાવાર્થ આપવા પ્રયત્ન કર્યો છે.

પા. ૪૦: રોજનો જ રોટલો—Give us day by day our daily bread એનો આ પ્રમાણે અનુવાદ કરવાનું યોગ્ય ધાર્યું છે. ખ્રિસ્તી પ્રાર્થનામાં રોટલાની એટલે ઐહિક સુખની માગણી છે એવો આક્ષેપ મુકવામાં આવે છે, તે આ વાક્યનો અર્થ ન સમજવાને લીધે છે એમ

મને લાગે છે. પ્રાર્થનાનું તાત્પર્ય એ છે કે અમને રોજની જરૂરીયાતો કરતાં કિંચિત્ પણ વિશેષ આપીશ નહિ; અમને અપરિગ્રહી રાખજે. પાછળના ઉપદેશ પરથી આ સ્પષ્ટ થાય છે. આપણા ભકતોની માફક જ ઈશુએ કહ્યું છે કે

> भोजनाच्छादने चिन्तां वृथा कुर्वन्ति वैष्णवा:।
> योऽसौ विश्वंभरो देव: स भक्तान्किमुपेक्षते ॥

(વૈષ્ણવો ભોજન અને વસ્ત્રની ચિંતા ફોકટ જ કરે છે; જે વિશ્વનું પોષણ કરવાવાળો છે તે ભકતોની શું ઉપેક્ષા કરશે?)

વળી, પોતાના શિષ્યોને ઉપદેશ માટે ગામડાંઓમાં રવાના કરતાં ઈશુએ બોધ આપ્યો હતો કે "પૈસાને અડતા નહિ, ભાતું બાંધતા નહિ, જોડા પહેરતા નહિ ને વાટમાં મળ્યે કોઇને સલામ કરવા થોભતા નહિ. (એટલે થોભીને સલામ કરવા જેટલી વૃત્તિ રાખતા નહિ, પણ અત્યન્ત નિરપેક્ષ વૃત્તિથી જ રહેજો.)" એ ઈશુ રોટલા માટે પ્રાર્થના કરે એ કેમ બને? રોટલો તો મળવાનો જ છે, એ વિષે તો શંકા જ નથી; પણ જરૂર કરતાં વધારે ન મળો એ માગણી છે.

પ્રવૃત્તિ—ચાલુ

પા. ૪૫: પાપોની માફી—જેના જીવનમાં કદી નાનો મોટો એક પણ દોષ નથી થયો એવો કોણ હશે? જો દોષોની માફી જ ન થાય તો જગતમાં એકે જીવને ઉદ્ધારની

આશા જ ન રહે. પણ ગમે તેટલું એક કાળે દોષિત જીવન વીત્યું હોય, છતાં જેના હૃદયમાં તીવ્ર અનુતાપની જ્વાળા સળગી ઉઠે અને પ્રેમવૃત્તિનો ઉદ્‌ભવ થાય એને માટે શાન્તિનું દ્વાર ઉઘડી જાય. આ નિશ્ચિત વાત છે. ઇશુએ કરેલા કુલટાના ઉદ્ધારમાં શું કે સંતોએ કરેલા અજામિલના ઉદ્ધારમાં શું, આ જ વસ્તુનું પ્રતિપાદન છે. અનુતાપનો અગ્નિ અને પ્રેમનો સોહાગ હૃદયની સર્વ અશુદ્ધિ બાળી નાખી એને શુદ્ધ કાંચન જેવું કરવા શક્તિમાન થાય એ સિવાય બીજો માર્ગ પણ નથી.

પતિતપાવનતા એ સંતોનો ગુણ છે. આત્મોન્નતિની સામાન્ય ઇચ્છાવાળાએ એનું અનુકરણ કરતાં સાવધ રહેવું. જ્યાં સુધી પોતાના હૃદયના વિકારો શાન્ત ન થયા હોય, જ્યાં સુધી દુષ્ટ દર્શન, દુષ્ટ શબ્દ, દુષ્ટ સંગતિ હૃદયમાં વિકારો ઉત્પન્ન કરી શકતાં હોય ત્યાં સુધી કદાચ મનની દુષ્ટ વૃત્તિઓ જ પતિતપાવનતાની મોહક વૃત્તિનું સ્વરૂપ લે; અને એક વાર એ વૃત્તિ ફસાવે તો અધોગતિના કયા ખાડામાં નાખી દે તે કહેવાય નહિ. આત્મોન્નતિનો ક્રમ આ પ્રમાણે છે:

(૧) જ્યાં સુધી હૃદયમાં વિકારો ઉદ્‌ભવે છે ત્યાં સુધી પ્રયત્નપૂર્વક સત્સંગનું અનુશીલન અને કુસંગનો અત્યંત સાવધાનતાપૂર્વક ત્યાગ.

(૨) જ્યાં સુધી દુષ્ટ પ્રતિ આપોઆપ કરુણા ઉઠતી નથી ત્યાં સુધી તેમની ઉપેક્ષા કરવી અને સજ્જનો પ્રત્યે

પૂજ્ય ભાવના (મુદિતા) વધાર્યા કરવી. સજ્જન કેવળ પૂજ્ય ન લાગે, પણ એ જ આપણને પ્રિય બની જાય ત્યાં સુધી એ વૃત્તિઓને પોષ્યા જ કરવી. જે માણસો પ્રત્યે આપણને આદર—પૂજ્યભાવ—હોય છે તે આપણને પ્રિય પણ હોય છે એમ હમેશાં નથી હોતું. પણ જ્યાં સુધી પૂજ્યને પ્રિય નથી કર્યો ત્યાં સુધી આપણી અને એની વચ્ચે અંતર રહ્યા જ કરવાનું. માટે પૂજ્યને પ્રિય બનાવી દેવા તરફ મનનું વલણ કરવું.

(૩) પૂજ્ય મિત્રભાવનાથી પ્રેમપાત્ર થાય ત્યારે દુષ્ટ અને પતિત કરુણભાવનાથી પ્રેમપાત્ર થઇ જાય. પછી પતિતનો ઉદ્ધાર કરવો જોઇયે એવો વિચારપૂર્વક પ્રયત્ન કરવો નહિ પડે, પણ એ સ્વભાવ બની જશે. જેનો એ સ્વભાવ થાય તે જ ખરો પતિતનો ઉદ્ધારક થાય.

તીવ્ર કરુણ ભાવનાથી પોષાયેલા વિશુદ્ધ પ્રેમનો પ્રવાહ હૃદયમાં વહેવા માંડે, પછી સ્પૃશ્યાસ્પૃશ્યતા જેવા વિધિ-નિષેધના કે હિંસા અહિંસાના પ્રશ્નોના નિર્ણય કેમ કરવા એ વિષે શંકા જ નહિ રહે. એ પ્રવાહને રોકવા કોઇ સ્મૃતિ કે શાસ્ત્ર શક્તિમાન નહિ થાય. શુદ્ધ પ્રેમભાવની એ જ નિશાની કે જેના પ્રતિ પ્રેમ હોય તેની સેવા કરવા માટે એ પોતાના સર્વસ્વનો ત્યાગ કરાવી દે. શરીર, સગવડ, આરોગ્ય, ધન, લોકલજ્જા, ભૂખ-તરસ, અને છેવટ નરકવાસની ભીતિ પણ એને કરુણાપ્રેરિત માર્ગ લેતાં અટકાવી શકે નહિ. જ્યાં સુધી જેના પ્રતિ પ્રેમ છે તેવા તરફથી કિંચિત્ પણ

સ્થૂળ અથવા માનસિક કે બૌદ્ધિક સુખ કે લાભ મેળ-વવાની આશા રહી છે ત્યાંસુધી શુદ્ધ પ્રેમ ઉદ્‌ભવ્યો નથી. શુદ્ધ પ્રેમ એ આપવાવાળો છે, લેવાવાળો નથી.

લોકલજ્જા અને શાસ્ત્રોક્ત વિધિનિષેધનું ઉલ્લંઘન કરનારા બે પ્રકારના લોકો હોય છે. સ્વચ્છંદી અને વિશુદ્ધ પ્રેમવાળા. વિશુદ્ધ પ્રેમ ન થાય ત્યાં સુધી લોકલજ્જા અને શાસ્ત્રમર્યાદાના પાલનમાં શ્રેય છે. વિશુદ્ધ પ્રેમવાળો લોક કે શાસ્ત્રની નીતિમર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી, પણ સામાન્ય જનોની નિર્બળતાને માન આપીને વ્યવહારકુશળતાની દૃષ્ટિએ લોક અથવા શાસ્ત્રે સત્ય, ન્યાય ઇત્યાદિ જોઇ વૃત્તિઓ ઉપર પણ જે મર્યાદા બાંધી દીધી હોય છે તે મર્યાદામાં એ બંધાઇ રહેતો નથી; અને એ મર્યાદા ઉલ્લંઘવા માટે વ્યવહારબદ્ધ લોકો એની અપકીર્તિ, ઠેકડી કે નિંદા કરે તેને એ ગણકારતો નથી તથા એટલાપુરતો શાસ્ત્રો પ્રતિ પણ ઉદાસીન થાય છે. સ્વચ્છંદી મનુષ્ય તો નીતિ–અનીતિને માનતોજ નથી; સત્ય, અહિંસા, દયા, ક્ષમા, ઇંદ્રિયજય ઇત્યાદિ વૃત્તિઓ માટે એને આદર કે પ્રેમ નથી; એ નાસ્તિક છે. લોકલજ્જા કે શાસ્ત્રોક્ત મર્યાદાનો—કોઇક વિશુદ્ધ પ્રેમવાળાનું અનુકરણ કરીને અથવા એનાં વચનો ટાંકીને પણ—એ ત્યાગ કરે તેમાં સમાજનું કલ્યાણ નથી. એ તો પાખંડ અને દંભને વધારવાવાળો છે. એથી ઉન્નતિની ઇચ્છાવાળાએ અત્યંત સાવધ રહેવું; એનો સંગ ન જ કરવો. એના કરતાં મર્યાદામાં રહેનારો હજાર દરજ્જે સારો.

વિશુદ્ધ મનુષ્યનાં સત્યાદિક સંપત્તિ અને ઇંદ્રિયજય લોકોએ સ્વીકારેલાં ધોરણ કરતાં ઉંચા હોય, પણ નીચાં ન જ હોય. એ વિધિનિષેધનો ત્યાગ કરે તે માત્ર બાહ્ય ક્રિયાઓ અને રૂઢિઓના વિષયમાં, એ ખાસ ધ્યાનમાં રાખવું. દંભને ઓળખવાની એ જ કસોટી છે.

ક્રૂસારોહણ

પા. ૬૦: પિટરનો પશ્ચાત્તાપ—જેમ ઉત્તર વયમાં એકવાર ભારે મંદવાડ વેઠયા પછી સાજા થઇયે તોપણ મંદવાડની કાંઇક નિર્બળતા ઘણુંખરૂં રહી જ જાય, તેમ એકવાર સત્ત્વહાનિ થયા પછીનો પશ્ચાત્તાપ ચિત્તને શુદ્ધ કરે તોપણ નિર્બળતાની કાંઇક નિશાની રાખી જ રહે છે. એ નિર્બળતાનો સંસ્કાર જીવન પર્યંત કનડયા કરે છે, અને તેથી એનું ચિત્ત શુદ્ધ થયું હોય તોપણ એનું ઘણું તેજ પડતું નથી. આનો અર્થ એ નથી કે પશ્ચાત્તાપની કિંમત નથી, કે એ નિયમને અપવાદ ન હોય. જે વિષયમાં પોતાને હાથે પોતાની સત્ત્વહાનિ થઇ ગઇ હોય તે વિષયમાં સર્વ કષ્ટો અને પ્રાણની પણ દરકાર રાખ્યા વિના પાછું સત્ત્વ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન થાય તો વળી શુદ્ધ સત્ત્વ ઝળકી ઉઠે. જેટલો મલિનતાનો ભોગ થયો હોય તેટલો એને બાળવાને બળવાન તાપ જોઇયે. સત્ત્વને પાછું પ્રાપ્ત કરવાની તીવ્ર પ્રવૃત્તિ એ જ એનું પ્રાયશ્ચિત્ત. જેમણે પોતાના જીવનમાં કદી સત્ત્વ ખોયું નથી તે મહાપુરુષોને ધન્ય છે! ભયથી,

કાયરતાથી, ખોટું છે એવું ભાન હોય, કરતી વેળાએ જ અન્તઃકરણનો પોકાર સામે ઉઠતો હોય છતાં માનસિક નિર્બળતાને વશ થઇ કરવામાં આવેલું કર્મ સત્ત્વને હાનિ પહોંચાડનારૂં છે.

પિટરમાં પણ એની સત્ત્વહાનિની નિર્બળતા જીવન પર્યંત ટકી રહી હતી.

પા. ૬૫: પાટીયું—આવું પાટીયું લખવામાં સુબાનો ઉદ્દેશ પોતાનો રાજ્યમદ દર્શાવી યહુદીઓનું અપમાન કરવાનો જણાય છે. 'કહેવડાવનારો' શબ્દ ઉમેર્યો હોત તો યહુદીઓને અપમાન ન લાગત. પણ સુબાને તો જણાવવું હતું કે 'હું તો તમારા ખરા રાજાના પણ આવા હાલ કરી શકું; મને કાંઇ તમારી પરવા નથી.'